RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 181* Date: 29.04.2022 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### વડાપ્રધાનનો આસામ પ્રવાસ - વડાપ્રધાન મોદી પ્રોટોકોલ તોડી બાળકોને મળ્યા

## પહેલાં અહીં બોમ્બ-ગોળીઓનો અવાજ સંભળાતો હતો, આજે તાળીઓ સંભળાઈ રહી છે- મોદી



ડિબ્રુગઢ,તા.૨૮

વિડાપ્રધાન નરેન્દ્ર મોદી શાંતિ, એકતા અને વિકાસ રેલીમાં ભાગ લેવા માટે આસામ પહોંચ્યા હતાં તેઓએ અહીં કાર્બી આંગલોંગ જિલ્લાના દીફુમાં અમૃત સરોવર પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો અને અહીં ૭ નવી કેન્સર હોસ્પિટલનો શિલાન્યાસ પણ કર્યો હતો આ પ્રસંગે સ્ટેજ પર પહોંચતાં પહેલાં વડાપ્રધાને સુરક્ષા પ્રોટોકોલને તોડીની ત્યાં હાજર લોકો અને બાળકો સાથે હાથ પણ મિલાવ્યા હતા.સંબોધન દરમિયાન વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે આસામમાં સ્થાયી શાંતિ અને ઝડપી વિકાસ માટે કરાર થયો હતો. એને વાસ્તવિક રૂપ આપવાનું કામ થઈ રહ્યું છે. ભાજપની ડબલ એન્જિન સરકાર યુવાઓને નવી તક આપવા કટિબદ્ધ છે. આસામમાં ૨૬૦૦થી વધુ અમૃત સરોવર બનાવવાનું કામ ચાલી રહ્યું છે, તે લોકોની ભાગીદારીથી થઈ રહ્યું છે.

૨૦૧૪ પછી નોર્થ ઈસ્ટમાં મુશ્કેલ કામ થઈ રહ્યાં છે. લોકોનો વિકાસ થઈ રહ્યો છે. આજે કોઈ આસામના જનજાતીય ક્ષેત્રોમાં આવે છે, નોર્થ ઈસ્ટના બીજા રાજ્યોમાં જાય છે, તો સ્થિતિમાં આવેલા પરિવર્તનને જોઈને તેને પણ સારુ લાગે છે. તમે મને સમજ્યો અને દિલથી સમજ્યો. તમારા સપના પુરા કરવા માટે તમે પણ લાગ્યા છો અને અમે પણ લાગ્યા છીએ, સાથે મળીને પુરા કરીશું. આસામમાં જેમ-જેમ શાંતિ પરત ફરી રહી છે, તેમ-તેમ નિયમોને પણ બદલવામાં આવી રહ્યાં છે. આ કારણે જ અમે આફસ્પા (આર્મ્ડ ફોર્સિસ સ્પેશિયલ પાવર્સ એક્ટ)માં ઘટાડો કર્યો છે. નોર્થ ઈસ્ટમાં હિંસાની ઘટનામાં ૭૫ ટકાનો ઘટાડો આવ્યો છે. લાંબા સમય સુધી આફસ્પા નોર્થ ઈસ્ટના અનેક રાજ્યોમાં રહ્યો છે.

જોકે છેલ્લા ૮ વર્ષ દરમિયાન સ્થાઈ શાંતિ અને સારી કાયદો વ્યવસ્થા લાગુ થવાના કારણે અમે આફસ્પાને નોર્થ ઈસ્ટના ઘણા ક્ષેત્રોમાંથી હટાવી દીધો છે. સબકા સાથ, સબકા વિકાસની ભાવનાની સાથે આજે સીમા સાથે જોડાયેલા મામલાનું સમાધાન શોધવામાં આવી રહ્યું છે. આસામ અને મેઘાલયની વચ્ચે થયેલી સહમતિ બીજા મામલાઓને પણ પ્રોત્સાહિત કરશે. તેનાથી સમગ્ર ક્ષેત્રમાં વિકાસની આકાંક્ષાઓને બળ મળશે.મોદીએ કહ્યું કે જયારે હથિયાર નાંખીને જંગમાંથી પરત ફરતા જવાનોને પોતાના પરિવારની સાથે પરત ફરતા જોવું અને જ્યારે તે માતાઓની ખુશીઓનું અનુભવ કરુ છું તો મને આર્શીવાદની અનુભુતિ થાય છે. બોડો અર્કોડ હોય કે પછી કાર્બી આંગલોગનો કરાર, લોકલ સેલ્ફ ગવર્નન્સ પર અમે ખૂબ જ ભાર આપ્યો છે. કેન્દ્ર સરકારનો છેલ્લા ૭-૮ વર્ષથી સતત એ જ પ્રયત્ન રહ્યો છે કે સ્થાનિક શાસનની સંસ્થાઓને સશક્ત કરવામાં આવે, વધુ પારદર્શકતા રાખવામાં આવે.

તેમણે કહ્યું કે જયારે પણ અહીં આવવાની તક મળી તમારા લોકોનો અપાર સ્નેહ અને પ્રેમ મળ્યો. આ સાથે જ રાજ્ય સરકારે પીએમ મોદીના પ્રવાસ માટે સુરક્ષાની વ્યાપક વ્યવસ્થા કરી છે. તેમણે કહ્યું કે આ સુખદ સંયોગ છે કે આજે જ્યારે દેશ આઝાદીના અમૃત મહોત્સવનો ઉજવી રહ્યો છે, ત્યારે આપણે આ ધરતીના મહાન સપૂત લચિત બોરફૂકાનની ૪૦૦મી જન્મજયંતિ પણ ઉજવી રહ્યા છીએ. તેમનું જીવન રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રશક્તિની પ્રેરણા છે. તેમણે કહ્યું કે કાર્બી આંગલોંગથી દેશના આ મહાન નાયકને હું નમન કરું છું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાર્બી આંગલોંગમાં માંજા પશુ ચિકિત્સા મહાવિદ્યાલય, વેસ્ટ કાર્બી આંગલોંગ કૃષિ મહાવિદ્યાલય, અમ્પાની વેસ્ટ કાર્બી આંગલોંગ ગર્વમેંટ કોલેજ સહિત ઘણી યોજનાઓની આધારશિલા રાખી.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ભાજપની ડબલ એન્જીનની સરકાર જ્યાં પણ હોય, ત્યાં સબકા સાથ- સબકા વિકાસ- સબકા વિશ્વાસ ઔર સબકા પ્રયાસની ભાવનાથી કામ કરે છે. આજે આ સંકલ્પ કાર્બી આંગલોંગની ધરતી પર ફરીથી સશક્ત થયું છે. આજે જે શિલાન્યાસના કાર્યક્રમ થયા છે, આ ફક્ત કોઇ બિલ્ડીંગનો શિલાન્યાસ નથી, આ અહીં નવયુવાનોના ઉજ્જવળ ભવિષ્યનો શિલાન્યાસ છે. ઉચ્ચ શિક્ષણ માટે અહીં યોગ્ય વ્યવસ્થા થતાં હવે ગરીબથી ગરીબ વ્યક્તિ પણ પોતાના બાળકોને સારું શિક્ષણ આપી શકશે.

પીએમ મોદીએ કહ્યું 'અસમની સ્થાયી શાંતિ અને ઝડપી વિકાસ માટે જે કરાર થયા છે. તેને જમીન પર ઉતારવાનું કામ આજે તેજ ગતિએ ચાલી રહ્યું છે. હથિયાર મુકીને જે સાથી રાષ્ટ્ર નિર્માણના પરત ફર્યા છે, તેના પુનર્વાસ માટે પણ સારું કામ કરવામાં આવી રહ્યું છે. તમે બધા ગત દાયકામાં એક લાંબા સમયથી ઘણી મુશ્કેલીઓમાંથી પસાર કર્યો છે. પરંતુ ૨૦૧૪ બાદ નોર્થ ઈસ્ટમાં મુશ્કેલીઓ સતત ઓછી થવા લાગી છે, લોકોનો વિકાસ થઇ રહ્યો છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આજે આખો દેશ જોઇ રહ્યો છે કે ગત વર્ષોમાં હિંસા, અરાજકતા અને અવિશ્વાસની દાયકાઓની જૂની સમસ્યાઓનું કેવી રીતે સમાધાન કરવામાં આવી રહ્યું છે. પહેલાં જ્યારે આ ક્ષેત્રની ચર્ચા થાય છે, તો ક્યારે બોમ્બ અને ક્યારે ગોળીઓનો અવાજ સંભળાતો હતો. પરંતુ આજે તાળીઓ ગૂંજી રહી છે. તેમણે કહ્યું કે 'નોર્થ ઈસ્ટમાં સરકાર અને સમાજના સામુહિક પ્રયાસો જેમ જેમ શાંતિ પરત ફરી રહી છે. તેમણે કહ્યું કે સબકા સાથ, સબકા વિકાસની ભાવના સાથે આજે સીમા સાથે જોડાયેલા મુદ્દાઓનું સમાધાન શોધવામાં આવી રહ્યું છે. અસમ અને મેઘાલયની વચ્ચે બનેલી સહમતિ બીજા મામલાઓને પણ પ્રોત્સાહિત કરશે. તેનાથી આ સમગ્ર ક્ષેત્રના વિકાસની આકાંક્ષાઓને બળ મળશે. બોડો એકોર્ડ અથવા પછી કાર્બી આંગલોંગનો કરાર, લોકલ સેલ્ફ ગવર્નેંસ પર અમે ખૂબ ભાર મુક્યો છે. કેન્દ્ર સરકાર ગત ૭-૮ વર્ષથી સતત પ્રયાસ કરી રહી છે કે સ્થાનિક વહિવટીતંત્રની સંસ્થાઓને સશક્ત કરવામાં આવે, વધુ પારદર્શી બનાવવામાં આવે.

### સુપ્રીમ કોર્ટે કેન્દ્રને પુછ્યું

## રાજીવ ગાંધીના હત્યારાને છોડવા માટે મંજૂરી કેમ આપતા નથી?૩૬ વર્ષથી જેલમાં છે

,નવીદિલ્હી,તા.૨૮

સુપ્રીમ કોર્ટે પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી હત્યા કેસમાં કેન્દ્રને સવાલ પુછ્યા છે. કોર્ટે કેન્દ્રને પૂછ્યું છે કે ૩૬ વર્ષની સજા ભોગવી ચૂકેલા એજી પેરારીવલનને કેમ છોડી ન શકાય? સુપ્રીમ કોર્ટે પૂછ્યું છે કે જ્યારે જેલમાં ટૂંકી સજા કાપી રહેલા લોકોને મુક્ત કરવામાં આવી રહ્યા છે ત્યારે કેન્દ્ર શા માટે પેરારીવલનને છોડવા માટે સંમત થઈ શકતું નથી.

સર્વોચ્ચ અદાલતે કહ્યું કે પ્રથમ દૃષ્ટિએ એવું લાગે છે કે રાજ્યપાલનો નિર્ણય ખોટો અને બંધારણની વિરુદ્ધ છે કારણ કે તેઓ રાજ્ય કેબિનેટની સલાહથી બંધાયેલા છે. તેમનો નિર્ણય બંધારણના સંઘીય માળખા પર પ્રહાર કરે છે. જસ્ટિસ એલએન રાવ અને બીઆર ગવઈની ખંડપીઠે કેન્દ્ર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ કેએમ નટરાજને એક સપ્તાહમાં યોગ્ય દિશાનિર્દેશો મેળવવા કહ્યું છે, અન્યથા તેઓ પેરારીવલનની અરજી સ્વીકારશે અને આ કોર્ટના અગાઉના નિર્ણય મુજબ તેમને મુક્ત કરવામાં આવશે. પૂર્ણકેએમ નટરાજને કહ્યું કે કેટલીક પરિસ્થિતિઓમાં રાષ્ટ્રપતિ સક્ષમ અધિકારી હોય છે અને રાજ્યપાલ નથી, ખાસ કરીને જ્યારે મૃત્યુદંડને આજીવન કેદમાં ફેરવવી પડે છે.

કોર્ટે કાયદા અધિકારીને કહ્યું કે દોષિત ૩૬ વર્ષની જેલની સજા પૂરી કરી ચૂક્યો છે અને જ્યારે ઓછી મુદતની સજા ભોગવી રહેલા લોકોને મુક્ત કરવામાં આવી રહ્યા છે ત્યારે કેન્દ્ર શા માટે તેને મુક્ત કરવા તૈયાર નથી.બેન્ચે કહ્યું કે અમે તમને બચવાનો રસ્તો આપી રહ્યા છીએ. આ એક વિચિત્ર દલીલ છે. તમારી દલીલ કે રાજયપાલને બંધારણની કલમ ૧૬૧ હેઠળ દયાની અરજીઓ પર નિર્ણય લેવાની સત્તા નથી તે વાસ્તવમાં સંઘીય માળખા પર પ્રહાર કરે છે. રાજયપાલ કયા સ્ત્રોત અથવા જોગવાઈ હેઠળ રાજ્ય કેબિનેટના નિર્ણયને રાષ્ટ્રપતિને મોકલી શકે છે. જસ્ટિસ રાવે કહ્યું કે જો રાજ્યપાલ રાજ્ય કેબિનેટના જાહેર કરવાના નિર્ણય સાથે અસંમત હોય તો તેને કેબિનેટને પરત મોકલી શકાય છે. પરંતુ રાષ્ટ્રપતિને મોકલી શકતા નથી.ખંડપીઠે કહ્યું કે પ્રથમ દૃષ્ટિએ એવું માનવામાં આવે છે કે રાજ્યપાલનો નિર્ણય ખોટો છે અને તમે બંધારણની વિરુદ્ધ દલીલ કરી રહ્યા છો. શું રાજયપાલ રાજ્ય કેબિનેટની મદદ અને સલાહથી બંધાયેલા છે?

૨૧ મે ૧૯૯૧ના રોજ તમિલનાડુના શ્રીપેરુમ્બુદુરમાં ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યા કરવામાં આવી હતી. પેરારીવલનની ૧૧ જૂન ૧૯૯૧ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. તે બોમ્બ વિસ્ફોટમાં વપરાયેલી ૮-વોલ્ટની બેટરી ખરીદવા અને હુમલાના માસ્ટરમાઈન્ડ શિવરાસનને આપવા બદલ દોષી સાબિત થયો હતો. પેરારીવલન, જે ઘટના સમયે ૧૯ વર્ષના હતા, તેમણે જેલમાં તેમના રોકાણ દરમિયાન તેમનો અભ્યાસ ચાલુ રાખ્યો હતો. તેણે સારા માર્ક્સ સાથે ઘણી ડિગ્રીઓ મેળવી. તેને જામીન આપતાં કોર્ટે આદેશમાં આ બાબતોને પણ સ્થાન આપ્યું છે.

## જમ્મુને હચમચાવી નાખવાનું આતંકી ષડયંત્ર નિષ્ફળ, બત્રા નજીક હાઈવે પરથી આઈડી મળી આવ્યો

,જમ્મુ,તા.૨૮

જમ્મૂ-કાશ્મીરમાં એકવાર ફરી અશાંતિ ફેલાવવાના આતંકીઓના ઈરાદા પર પાણી ફરી વળ્યું છે. પોલીસ અને સેનાએ મળીને આતંકીઓના ષડયંત્રને નિષ્ફળ બનાવી દીધુ છે. પોલીસને બત્રા હોસ્પિટલની નજીક જમ્મુ-કાશ્મીર હાઈવે પર આઈઈડી જપ્ત કરી મોટી દુર્ઘટના ટાળી દીધી છે. હાઈવે પર આતંકીઓએ કાળા કલરના એક ડબ્બામાં ટાઈમર લાગેલી આઈડીને પ્લાન્ટ કરી હતી. તેની માહિતી સમય રહેતા પોલીસને મળી હતી. પોલીસની બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ સમય પર ઘટના સ્થળે પહોંચી અને આઈઈડીને સુરક્ષિત સ્થળે લઈ નિષ્ક્રિય બનાવી દીધી. પોલીસ અને સેના દ્વારા આસપાસના વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. પોલીસ પાસેથી મળેલી જાણકારી અનુસાર સિદ્ધડામાં બત્રા હોસ્પિટલની નજીક હાઈવે પર એક કચરામાં કાળા કલરનો ડબ્બો જોઈને લોકોને શંકા ગઈ અને પોલીસને જાણ કરી. માહિતી મળતા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. આ વચ્ચે એસએસપી જમ્મુ ચંદન કોહલી પણ ત્યાં પહોંચી ગયા હતા. ડબ્બાને જોતા શંકા ઉભી થઈ અને સુરક્ષાદળોએ તત્કાલ જમ્મુ-શ્રીનગર હાઈવે પર વાહનોની અવરજવર બંધ કરવાનો નિર્દેશ આપ્યો હતો. હાઈવેની બંને તરફ વાહનોની અવરજવર બંધ કરવામાં આવી અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડને જાણ કરવામાં આવી હતી. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડે ડબ્બાને કચરાપેટીમાંથી બહાર કાઢ્યો અને એક સુરક્ષિત જગ્યાએ લઈને તેને ખોલ્યો હતો. ડબ્બામાં આતંકીઓએ ટાઈમરની સાથે આઈઈડી લગાવી હતી. દળમાં સામેલ જવાનોએ સુરક્ષિત રીતે વિસ્ફોટને નિષ્ક્રિય બનાવી દીધો હતો. ત્યારબાદ આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે.

## કોવિડ -૧૯ ના કેસોમાં કોઈપણ વધારાનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર : ભગવંત માન

ચંડીગઢ,તા.૨૮

કોરોના વાયરસના વધતા જતા કેસોએ ફરી એકવાર કેન્દ્ર અને રાજ્ય સરકારોની ચિંતા વધારી દીધી છે. જો કે, પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને કહ્યું કે, તેમનું રાજ્ય કોવિડ -૧૯ ના કેસોમાં કોઈપણ વધારાનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. ભગવંત માને કહ્યું કે, પંજાબે રોગચાળાના કોઈપણ નવા લહેરનો સામનો કરવા માટે અસરકારક પદ્ધતિ વિકસાવી છે.

પંજાબના સીએમએ કહ્યું કે પંજાબમાં સ્થિતિ નિયંત્રણમાં છે અને રાજ્યના લોકોને વધુ સારી આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે સંસાધનોની કોઈ કમી નથી. પંજાબ સરકાર દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રાજ્યની ૯૭ ટકા વસ્તીને એન્ટિ-કોવિડ રસીઓનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે, જ્યારે ૭૬ ટકા લોકોને બંને ડોઝ આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે ૫.૧૧ લાખ લોકોને બૂસ્ટર ડોઝ પણ આપવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજ્યમાં હાલમાં માત્ર ૧૭૬ દર્દીઓ સારવાર હેઠળ છે અને દરરોજ સરેરાશ ૨૫ નવા કેસ નોંધાઈ રહ્યા છે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર કોવિડના સંભવિત આગામી લહેરને રોકવા માટે તમામ જરૂરી વ્યવસ્થા કરવા માટે પ્રતિબદ્ધ છે.

મુખ્યમંત્રીએ દાવો કર્યો કે, રાજ્ય સરકાર નિયમિતપણે કોવિડની સ્થિતિ પર નજર રાખી રહી છે અને પૂરતી સંખ્યામાં પથારીઓ ઉપલબ્ધ છે. આ સાથે, રાજ્ય કોવિડ કેસની સંખ્યામાં કોઈપણ વધારાનો સામનો કરવા માટે તૈયાર છે.

ભગવંત માને કહ્યું કે, અમૃતસરની સરકારી મેડિકલ કોલેજમાં ૧,૨૩૬ પથારીઓ, સરકારી મેડિકલ કોલેજ, પટિયાલામાં ૧,૪૫૦ અને ફરીદકોટની સરકારી મેડિકલ કોલેજમાં ૧,૦૨૫ પથારીઓ છે. તેમણે કહ્યું કે, અમૃતસરમાં ૨૮૦ આઈસીયુ બેડ છે, ફરીદકોટમાં ૨૫૦ અને પટિયાલામાં ૨૮૦ છે.

## દેશમાં કોરોનાના નવા કેસ ૩ હજારને પાર, ૩૯ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૨૮

ભારતમાં કોરોનાના કેસ સમાપ્તી તરફ આગળ વધી રહ્યા હતા ત્યારે જ અચાનક કોરોનામાં ભારે ઉછાળો જોવા મળ્યો છે, જેના લીધે ચિંતામાં વધારો કર્યો છે, કોરોનાના નવા કેસમાં અચાનક ઉછાળો આવતાની સાથે જ કેન્દ્ર સરકારે અગમચેતી પગલાં ભરીને રાજ્યોને એલર્ટ રહેવા માટે સૂચના આપી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોરોના વાયરસના કુલ ૩૩૦૩ નવા કેસ નોંધાયા છે. આ આંકડો ગઈકાલ કરતાં ૧૨.૮ ટકા વધુ છે.

આ સાથે, દેશમાં કોવિડ સંક્રમિતોની કુલ સંખ્યા હવે વધીને ૪ કરોડ ૩૦ લાખ, ૬૮ હજાર ૭૯૯ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોવિડના કારણે કુલ ૩૯ લોકોના મોત પણ થયા છે.


દેશમાં કોવિડના કારણે અત્યાર સુધીમાં કુલ ૫ લાખ ૨૩ હજાર ૬૯૩ લોકોના મોત થયા છે. આજે મૃત્યુઆંકમાં, કેરળના ૨૬ કેસ પણ બેકલોગના આંકડા તરીકે ઉમેરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે હાલમાં દેશની રાજધાનીમાં કોરોનાના કેસ વધી રહ્યા છે તે ચિંતાજનક છે,કોરોનાના નવા કેસ વધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના તમામ રાજ્યોના મુખ્યમંત્રી સાથે આ મામલે એક મહત્વની બેઠક કરી હતી. કોરોના માટે રાજ્યોએ અગમચેતી પગલાં ભરવા જોઇએ તેવી સલાહ આપવામાં આવી છે

## મુસલમાન સપાથી નારાજ, વિદેશ ભાગી શકે છે અખિલેશ યાદવ, રાષ્ટ્રપતિ બનવાનું મારું સપનું નથીઃ માયાવતી

,લખનૌ,તા.૨૮

બસપા સુપ્રીમો માયાવતીએ ગુરૂવારે સપા પર આકરા પ્રહારો કર્યા છે અને કહ્યું કે, હવે સમાજવાદી પાર્ટી ક્યારેય સત્તામાં નથી આવવાની અને અખિલેશ યાદવ પોતે વિદેશ ભાગવાની તૈયારી કરી રહ્યા છે.તેઓ પીએમ અને સીએમ બનવાનું સપનું જોઈ શકે છે. તેઓ ઉત્તરપ્રદેશના રાજકારણમાં છે અને રહેશે. બસપા સુપ્રીમો માયાવતીએ લખનૌમાં એક નિવેદન આપતા જણાવ્યું કે, સમાજવાદી પાર્ટી તેમના વિશે અફવાઓ ફેલાવી રહી છે. તેમણે રાષ્ટ્રપતિ નહીં સીએમ અને પીએમ બનવું છે. માયાવતીએ સીધું અખિલેશ યાદવ પર નિશાન સાધ્યું છે અને કહ્યું કે, સપાના કારણે જ ભાજપ સત્તામાં



આવી છે. કારણ કે, સપાના કારણે જ પૂરી ચૂંટણી ધ્રુવીકરણ પર થઈ હતી. માયાવતીએ કહ્યું કે, મુસ્લિમ દલિતોના વોટમાં ખૂબ જ તાકાત છે. આ લોકો જોડાય જાય તો મને સીએમ બનાવી શકે છે. માયાવતીએ જણાવ્યું કે, રાજ્યના મુસલમાન સમાજવાદી પાર્ટીથી ખૂબ જ નારાજ છે. આવી સ્થિતિમાં તેઓ અખિલેશ યાદવ સાથે નહીં જોડાશે. તેમણે જણાવ્યું કે, તેમણે એક પત્ર લઈને પોતાના રાષ્ટ્રીય મહાસચિવ સતીશ ચંદ્ર મિશ્રા અને વિધાન મંડળ દળના નેતા ઉમાશંકર સિંહને મુખ્યમંત્રી પાસે મોકલ્યા હતા જેમાં સ્મારકોના વિનાશનો મામલો ઉઠાવ્યો હતો.

## તંત્રી સ્થાનેથી...

# કોંગ્રેસનું કમઠાણ

*ભારતીય રાજકારણમાં બેઠા થવા માટે કોંગ્રેસે જેના પર ભારે મદાર રાખ્યો હતો તે ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે પણ છેવટે કોંગ્રેસમાં સામેલ કરવાનો ઇનકાર કરી દીધો, પરંતુ તેઓ પોતાની શરતો પર પાર્ટીમાં આવવા માંગતા હતા, પણ તેના માટે કોંગ્રેસ નેતૃત્વ તૈયાર ન થયું. એ માનવાનાં ઘણાં કારણો છે કે પ્રશાંત કિશોરને સોનિયા ગાંધી તરફથી રચાયેલી વિશેષાધિકાર પ્રાપ્ત સમૂહના સભ્ય તરીકે કોંગ્રેસમાં સામેલ થવાનો પ્રસ્તાવ આકર્ષક ન લાગ્યો. કદાચ તે પોતાના માટે વધુ મોટી ભૂમિકા ઇચ્છતા હતા અને સોનિયા ગાંધી તેમને કોઈ મોટી ભૂમિકા આપવાથી એટલા માટે ખચકાયાં હોઇ શકે, કે કોંગ્રેસના કાયાકલ્પની રૂપરેખા તૈયાર કર્યાના તરત બાદ પી.કે.એ હૈદરાબાદ જઈને તેલંગણા રાષ્ટ્ર સમિતિના નેતાઓ સાથે મુલાકાત કરી અને તેમના માટે કામ કરવાના કરાર કર્યા. ભલે તેમણે એમ કહ્યું હોય કે હવે તેમને પોતાની કંપની સાથે કોઈ લેવાદેવા નથી, પરંતુ જો એવું જ હતું તો પછી કોંગ્રેસમાં સામેલ થવાના સમાચારો વચ્ચે તેમણે હૈદરાબાદ જવાની શી જરૂર હતી? સંભવ છે કે આ સવાલે કોંગ્રેસના એ નેતાઓને તક મળી ગઈ હોય, જેઓ એમ નહોતા ઇચ્છતા કે પ્રશાંત કિશોર કોંગ્રેસમાં સામેલ થાય? જે પણ હોય, દેશની સૌથી જૂની પાર્ટી કોઈ ચૂંટણી રણનીતિકારના ભરોસે ચાલે તે જોવું દયનીય છે, જે કોઈપણ પક્ષ માટે પૈસા લઈને કામ કરવા તૈયાર રહેતો હોય અને જેની નજદિકી એવા પક્ષો સાથે હોય, જે કોંગ્રેસને વિપક્ષી એક્તામાં અડચણ રૂપે જોઈ રહ્યા છે. એ સાચું કે હાલના સમયમાં ચૂંટણી રણનીતિકારોની મહત્તા વધી છે, પરંતુ તેનો કોઈ મતલબ નહીં કે તેઓ તેમને પોતાના ઉદ્ધારક તરીકે જોવા લાગે. કોંગ્રેસ ઠીક એ જ આભાસ કરાવી રહી હતી. તેણે પ્રશાંત કિશોરને જરૂરિયાત કરતાં વધારે મહત્ત્વ આપીને પોતાની કમજોરી જ ઉઘાડી કરી. કહેવું મુશ્કેલ છે કે કોંગ્રેસ પ્રશાંત કિશોર દ્વારા આપવામાં આવેલાં સૂચનો પર કેટલો અમલ કરશે, પરંતુ એમાં શંકા નથી કે તેને પોતાની રીતભાતોની સાથે પોતાની માનસિકતા બદલવાની પણ સખત જરૂરિયાત છે. ગાંધી પરિવાર કોંગ્રેસને જે રીતે ચલાવી રહ્યો છે, તે રીતે પ્રાઇવેટ કંપનીઓ ચાલતી હોય છે, રાજકીય પક્ષો નહીં. કોંગ્રેસ બદલાવની વાતો તો ખૂબ કરે છે પરંતુ બદલાવા તૈયાર નથી દેખાતી. તે જનાધારવાળા નેતાઓને કિનારે કરવાનું કામ પહેલાંની જેમ જ ચાલુ રાખે છે. ગત દિવસે તેણે પંજાબ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સુનિલ જાખડને બે વર્ષ માટે બરતરફ કરવાની ભલામણ કરી છે.*

## ક્રૂડ તેલમાં ૨૧,૮૩,૫૦૦ બેરલના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં મામૂલી સુધારો

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૩ અને ચાંદીમાં રૂ.૭૩૧નો ઘટાડોઃ કપાસ, કોટન, રબર અને મેન્થા તેલમાં સાર્વત્રિક વૃદ્ધિઃ બુલડેક્સ વાયદામાં ૧૦૮ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈ:

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૭૫,૫૭૫ સોદાઓમાં કુલ રૂ.૧૪,૯૦૨.૩૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના મે વાયદામાં ૧૦૮ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૧,૯૯૨ સોદાઓમાં કુલ રૂ.૫,૩૫૬.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૦૮૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૨૩૦ અને નીચામાં રૂ.૫૦,૮૨૮ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૩ ઘટી રૂ.૫૧,૧૭૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૫૧ ઘટી રૂ.૪૧,૧૩૩ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૭ ઘટી રૂ.૫,૧૦૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૨૨૪ના ભાવે ખૂલી, રૂ.૮૬ ઘટી રૂ.૫૧,૨૭૧ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૩,૯૬૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૪,૩૦૭ અને નીચામાં રૂ.૬૩,૬૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૭૩૧ ઘટી રૂ.૬૩,૯૪૯ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ. ૫૭૦ ઘટી રૂ.૬૪,૨૭૭ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૫૯૬ ઘટી રૂ.૬૪,૨૪૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૬,૯૩૨ સોદાઓમાં રૂ.૧,૨૯૧.૫૩ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૪૫ વધી રૂ.૨૫૬.૫૫ અને જસત એપ્રિલ વાયદો રૂ.૧.૩૦ ઘટી રૂ.૩૫૯ના ભાવ થયા હતા. આ સામે તાંબુ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૬.૯૦ ઘટી રૂ.૭૮૨ અને નિકલ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૫૬.૧ વધી રૂ.૨,૬૦૯.૧૦ તેમ જ સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૯૦ ઘટી રૂ.૧૮૩ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૨,૦૫૩ સોદાઓમાં કુલ રૂ.૩,૬૫૭.૨૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૭૩૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૮૯૯ અને નીચામાં રૂ.૭,૬૯૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૬ વધી રૂ.૭,૭૯૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫.૪૦ ઘટી રૂ.૫૬૦.૭૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૩૭૨ સોદાઓમાં રૂ.૧૫૫.૫૭ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૨,૨૯૮ બોલાઈ રહ્યો હતો. કોટન મે વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૫,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૫,૨૪૦ અને નીચામાં રૂ.૪૪,૮૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૦૦ વધી રૂ.૪૫,૦૩૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર મે કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૮૦૦ના ભાવે ખૂલી, રૂ.૫૬૯ વધી રૂ.૧૭૧૭૪ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૯.૪૦ વધી રૂ.૧૦૮૬.૩૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૨૯૪ સોદાઓમાં રૂ.૨,૬૬૫.૪૯ કરોડનાં ૫,૨૧૮.૮૬૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૬૪,૬૯૮ સોદાઓમાં કુલ રૂ.૨,૬૯૧.૨૩ કરોડનાં ૪૧૬.૫૯૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯,૩૪૨ સોદાઓમાં રૂ.૧,૭૦૧.૧૭ કરોડનાં ૨૧,૮૩,૫૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૨,૭૧૧ સોદાઓમાં રૂ.૧,૯૫૬ કરોડનાં ૩૪૮૭૮૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૧,૦૯૪ સોદાઓમાં રૂ.૧૪૨.૯૩ કરોડનાં ૩૧૬૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૨૬૬ સોદાઓમાં રૂ.૧૨.૨૩ કરોડનાં ૧૧૩.૦૪ ટન, રબરના વાયદાઓમાં ૫ સોદાઓમાં રૂ.૦.૦૯ કરોડનાં ૫ ટનના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૫૬૦.૯૫૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૧૪.૧૪૭ ટન, ક્રૂડ તેલમાં ૫૪૨૦૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૯૩૧૫૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૧૨૧૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૭૮.૮ ટન, રબરમાં ૩ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૬૧૩ સોદાઓમાં રૂ.૪૬.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૬૧૩ સોદાઓમાં રૂ.૪૬.૪૩ કરોડનાં ૬૩૧ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૦૧૩ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૪,૭૧૨ના સ્તરે ખૂલી, ૧૦૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૫ પોઈન્ટ ઘટી ૧૪,૭૩૪ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૪૨૬૧૩ સોદાઓમાં રૂ.૪,૩૯૪.૯૦ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૭૧.૯૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૩.૩૭ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૨૩૧.૭૨ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૫૬.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૫૩.૭૯ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં સોનું-મિની મે રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૮ ખૂલી, ઊપરમાં રૂ.૫૦૫ અને નીચામાં રૂ.૩૯૦ રહી, અંતે રૂ.૧૬ વધી રૂ.૪૯૫.૫૦ થયો હતો. જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૮૦ અને નીચામાં રૂ.૬૫૨ રહી, અંતે રૂ.૭૨.૫૦ ઘટી રૂ.૭૩૩ થયો હતો. ક્રૂડ તેલ મે રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૬૦.૫૦ અને નીચામાં રૂ.૨૭૫ રહી, અંતે રૂ.૩.૯૦ ઘટી રૂ.૩૧૫.૮૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો સોનું-મિની મે રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૮૦૦ અને નીચામાં રૂ.૫૧૧ રહી, અંતે રૂ.૬૬.૫૦ વધી રૂ.૬૦૪.૫૦ થયો હતો. જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૮૦૯.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨,૨૫૧ અને નીચામાં રૂ.૧,૮૦૯.૫૦ રહી, અંતે રૂ.૨૨૬ વધી રૂ.૨,૦૩૨.૫૦ થયો હતો. ક્રૂડ તેલ મે રૂ.૭,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૦૪.૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૦૫ અને નીચામાં રૂ.૨૨૯.૩૦ રહી, અંતે રૂ.૪.૧૦ ઘટી રૂ.૨૬૩.૭૦ થયો હતો.

# અન્નથી મન અને પાણીથી વાણી નિર્માણ થાય છે.

ગરૂડ પુરાણના આચાર કાંડમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે કયા દશ લોકોના ઘરે ભોજન ના કરવું જોઇએ.. ચોર અને અપરાધી, વ્યાજખોર વ્યક્તિ, ચારિત્ર્યહિન સ્ત્રી, બીમાર વ્યક્તિ, ક્રોધી વ્યક્તિ, નપુંશક અને કિન્નર, નિર્દયી વ્યક્તિ, નિર્દયી રાજા કે શાસક(રાજકારણી), ઈર્ષાળુ અને ચુગલીખોર વ્યક્તિ, નશીલ ચીજોનું સેવન કે વેચાણ કરનાર વ્યક્તિના ઘેર ભોજનના કરવું જોઈએ.

મનુષ્યોની જે સ્વાભાવિક વૃત્તિ સ્થિતિ ભાવ બને છે તેના બનવાના કેટલાય કારણો હોય છે,તેમાં આહાર પણ એક કારણ છે.કહેવત છે કે "જેવું ખાય અન્ન તેવું થાય મન" એટલે આહાર જેટલો સાત્વિક હોય છે,મનુષ્યની વૃત્તિ તેટલી જ સાત્વિક બને છે એટલે કે સાત્વિક વૃત્તિ બનવામાં સાત્વિક આહારથી સહાયતા મળે છે.જેવું અન્ન હોય છે તેવું જ મન બને છે.

અન્નની અસર મન ઉપર પડે છે.અન્નના સૂક્ષ્મભાગથી મન (અંતઃકરણ) બને છે. બીજા નંબરના ભાગથી વિર્ય, ત્રીજા ભાગથી રક્ત અને ચોથા ભાગથી મળ બને છે કે જે બહાર નીકળી જાય છે. આથી મનને શુદ્ધ


विनोदभाई माछी निरंकारी

બનાવવા માટે ભોજન શુદ્ધ પવિત્ર હોવું જોઈએ. ભોજનની શુદ્ધિથી મનની શુદ્ધિ થાય છે.

"અન્નથી મન અને પાણીથી વાણી નિર્માણ થાય છે" તેથી ખાન-પાનમાં સંયમ રાખવો. આપણી એક કહેવત છે કે જેવું અન્ન તેવું તેવું મન અને "જેવું અન્ન તેવો ઓડકાર" એટલે કે આપણે જેવું ભોજન કરીએ છીએ તેવા જ આપણા વિચારો બને છે.આ બધાનું સૌથી સશક્ત ઉદાહરણ મહાભારતમાં મળે છે,જયારે તીરોની સૈયા પર સૂતેલા ભિષ્મ પિતામહને દ્રોપદી પૂછે છે કે હે પિતામહ.. ભરી સભામાં મારૂં ચીર હરણ થયું ત્યારે આપ સૌથી સશક્ત અને વડીલ હતા છતાં પણ આપે એ લોકોને રોક્યા કેમ નહીં, તેમનો વિરોધ કેમ ના કર્યો?' ત્યારે ભિષ્મ પિતામહ જવાબ આપે છે કે દીકરી..મનુષ્ય જેવું અન્ન ખાય છે તેવું જ તેનું મન અને આચાર–વિચાર બને છે.જેનું અન્ન ખાધુ હોય તેની સામે મનુષ્ય બોલી શકતો નથી. એ વખતે મેં કૌરવોનું અધર્મી અન્ન ખાધુ હતું એટલે હું એમનો વિરોધ ના કરી શક્યો.મારૂં મન પણ તેમના જેવું બની ગયું હતું અથવા તો મારૂં મન સાચા-ખોટાનો ભેદ સમજી ન્યાય કરવા માટે સક્ષમ નહોતું.

આ શ્રેષ્ઠ ઉદાહરણ પરથી આપણે સમજી શકીએ છીએ કે અન્યના ઘરે ભોજન કરવાનું કે પારકુ અન્ન ખાવાનું કેટલું બધું મહત્વ હોય છે.આપણે વારે-તહેવારે આપણા સગા સંબંધીઓ, મિત્રો વગેરેને ત્યાં ભોજન માટે જતાં હોઈએ છીએ.આ એક સામાન્ય વાત છે પણ આપણને જાણ નથી કે કેટલાંક લોકોના ઘરે ભોજન કરવાથી આપણે જાણે અજાણે પાપના ભાગીદાર બની જઈએ છીએ.

શબ્દો ક્યારેય બેજુબાન(મુંગા) નથી હોતા. શબ્દ ઔષધિનું કામ કરે છે અને ઘાવ(દર્દ) આપવાનું કામ પણ કરે છે.દરેક મનુષ્યએ એવી વાણી બોલવી જોઇએ જેનાથી સાંભળનારનો ગુસ્સો ઓછો થાય, મનમાં ઠંડકનો અનુભવ કરે,સારી લાગે,મનને આનંદિત કરી શકે,સુખનો અનુભવ કરાવી શકે અને આપણા મનને પણ આનંદ આપી શકે.મીઠી વાણીથી અમે દરેકનો પ્રેમ અને આદર મેળવી શકીએ છીએ.મીઠી વાણીથી આપણે દરેકની ઉપર વિજય પ્રાપ્ત કરી શકીએ છીએ.

ક્રોધનો જવાબ મીઠી વાણીથી આપવો જોઈએ.ક્રોધના સમયે વાણી ઉપર સંયમ રાખવો જોઈએ. હંમેશાં મધુર વાણીનો જ ઉપયોગ કરવો,અભદ્ર વચનો ક્યારેય ન બોલવાં.પરમ હિતકારી સત્ય વચનો બોલવાં,કોઇના દિલને દુઃખ થાય તેવું ના બોલવું..એ વાણીની પવિત્રતા છે.જે વ્યક્તિ પોતાના વ્યવહારથી કે પોતાની વાણીની કડવાશથી બીજાનું દિલ દુભાવે છે તેના જીવનમાં અંધકાર ભરાઇ જાય છે.

હતાશ વ્યક્તિ વાણીનો સંયમ ચુકી જતી હોય છે.તલવારનો ઘા સમય આવે રૂઝાઇ જશે પણ જો કોઇના માટે કડવા શબ્દોનો પ્રયોગ કરીશું તો તેના દિલમાં જે દર્દનો ઘા થશે તે ઉમ્રભર જશે નહી.

વિનોદભાઈ માછી નિરંકારી

નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ

૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# દિલ્હીમાં વર્ષોથી સરકારી મકાનોમાં રહેતા કલાકારોને સરકારે વધુ એક અલ્ટીમેટમ આપ્યું

નવીદિલ્હી,તા.૨૮

દિલ્હીમાં વર્ષોથી સરકારી મકાનોમાં રહેતા કલાકારોને સરકારે વધુ એક અલ્ટીમેટમ આપ્યું છે. વાસ્તવમાં, ૨૮ કલાકારો એવા છે જેમને સરકાર દ્વારા ઘણી વખત મકાનો ખાલી કરવા માટે કહેવામાં આવ્યું છે, પરંતુ તેમાંથી ૮ના મકાનો ખાલી કરવામાં આવ્યા નથી. તેમને ફરી એકવાર ૨ મે સુધીનો સમય આપવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકારે ૮ પ્રખ્યાત કલાકારોને ૨ મે સુધીમાં તેમના સત્તાવાર નિવાસસ્થાન ખાલી કરવાનો આદેશ આપ્યો છે. આ તમામને વર્ષો પહેલા સરકારી આવાસ ફાળવવામાં આવ્યા હતા. જો કે, આ ફાળવણી ૨૦૧૪ માં રદ કરવામાં આવી હતી. સરકારે પદ્મશ્રી પુરસ્કાર વિજેતા ઓડિસી નૃત્ય ગુરુ માયાધર રાઉતનું સત્તાવાર નિવાસસ્થાન ખાલી કરવાની કાર્યવાહી શરૂ કર્યાના એક દિવસ બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ૨૮ કલાકારોમાંથી, આઠ કલાકારોએ ઘણી નોટિસો આપવા છતાં હજુ સુધી તેમનું સત્તાવાર નિવાસસ્થાન ખાલી કર્યું નથી. અધિકારીએ કહ્યું- આ ૮ કલાકારોએ ખાતરી આપી છે કે તેમનો સરકારી બંગલો ખાલી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. તેમાંથી કેટલાકે હજુ થોડા દિવસોનો સમય માંગ્યો છે. અધિકારીઓએ જણાવ્યું કે આ કલાકારોએ લેખિતમાં કહ્યું છે કે તેઓ ૨ મે સુધીમાં ઘર ખાલી કરી દેશે. અમે તેમને ત્યાં સુધીનો સમય આપ્યો છે.

૨૦૨૦ માં, કેન્દ્ર સરકારે પંડિત બિરજુ મહારાજ, પંડિત ભજન સોપોરી, જતીન દાસ, ઉસ્તાદ એફ વસીફુદ્દીન ડાગર અને રીટા ગાંગુલી સહિત ૨૭ કલાકારોને ૩૧ ડિસેમ્બર સુધીમાં દિલ્હીમાં તેમના સરકારી આવાસ ખાલી કરવા માટે નોટિસ આપી હતી. આ અંગે તમામ કલાકારોએ નારાજગી વ્યક્ત કરી હતી. કલાકારોએ કહ્યું હતું કે તેઓ આ નિર્ણયથી અપમાનિત અનુભવી રહ્યા છે. તે સમયે પ્રસિદ્ધ મોહિનીઅટ્ટમ નૃત્યાંગના ભારતી શિવાજીએ કહ્યું હતું કે તેઓને ખાલી કરવાના આદેશથી આઘાત લાગ્યો હતો. તેણે કહ્યું હતું કે મારી પાસે કોઈ અલગ જમીન નથી. પરંતુ સરકારને પારંપારિક કલાની કોઈ કિંમત જ ન હોય તેવું લાગી રહ્યું છે. પંડિત બિરજુ મહારાજનું આ વર્ષે ૧૭ જાન્યુઆરીએ દિલ્હીમાં અવસાન થયું હતું.

## ૪ મે પછી ગરમીમાં ફેરફાર થશે : હવામાન વિભાગ

નવીદિલ્હી,તા.૨૮

ઉત્તરથી દક્ષિણ તરફ ગરમીનું મોજું ચાલુ રહેતા લોકો માટે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. સવારના દસ વાગ્યાથી સૂર્યના કિરણોએ લોકોને અકળાવવાનું શરૂ કરી દીધું છે, ત્યારે ગરમીના પ્રકોપથી પણ લોકો પરેશાન થઈ ગયા છે. સ્કાયમેટ વેધરના વાઈસ પ્રેસિડેન્ટ મહેશ પલાવતે કહ્યું છે કે આગામી ત્રણ દિવસ ખૂબ જ ગરમ રહેવાના છે, દેશના ઘણા રાજ્યોમાં ગરમી સહન કરવી પડશે પરંતુ ૪ મે પછી ગરમીમાં ફેરફાર થશે. હવામાનની પેટર્ન અને પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના પશ્ચિમ ભાગોમાં ચોમાસા પૂર્વેની ગતિવિધિઓ જોવા મળશે, જે દરમિયાન વાવાઝોડુંની શક્યતા છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે આ સમયે દિલ્હી, પંજાબ, હરિયાણા, દિલ્હી, એમપી, રાજસ્થાન, હરિયાણા, બંગાળ અને ઓડિશામાં આગ વરસી રહી છે અને આવનારા દિવસોમાં પણ સ્થિતિ એવી જ રહેવાની છે. એટલા માટે દરેક વ્યક્તિએ ખૂબ જ સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવાની જરૂર છે. તમને જણાવી દઈએ કે મેદાની વિસ્તારો માટે હીટ વેવની સ્થિતિ જાહેર કરવામાં આવે છે જ્યારે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ હોય અને હાલમાં દેશના ઘણા રાજ્યોમાં પારો ચાલીસથી વધુ છે.

જો કે હવામાન વિભાગનું અનુમાન છે કે આ સમયે અન્ય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય છે, તેથી હવામાન વિભાગે ૩૦ એપ્રિલે કેરળ, કર્ણાટક, તમિલનાડુ અને આંધ્રમાં હળવા વરસાદની ચેતવણી પણ જારી કરી છે, વિભાગનું કહેવું છે કે વરસાદને કારણે વાવાઝોડું, વરસાદ ભારે પવન સાથે વીજળીની પણ અપેક્ષા છે, જ્યારે પૂર્વીય રાજ્યોમાં ઝરમર વરસાદ ચાલુ રહેશે. ઉત્તરથી લઈને દક્ષિણ સુધી ગરમીનુ રૌદ્ર રુપ યથાવત, ઘણા રાજ્યોમાં હીટવેવનુ એલર્ટ હિટ વેવ દરમિયાન ઘરની બહાર નીકળવાનું ટાળો. જો તમારે બહાર જવું હોય તો હંમેશા તમારા માથાને ઢાંકીને રાખો.

# માઇકની અવદશા જોઇને અમે કોઇના પણ માઇક ન બનવાનો નિર્ણય કર્યો!!

અમે એટલે હું અને રાજુ રદી બખડજંતર ચેનલમાં કામ કરીએ છીએ. રાજુ રદી કેમેરામેન કમ ડ્રાઈવર કમ કુલી કમ વેઈટર કમ. યાદી લાંબી છે.અમારી ચેનલ લોકપ્રિયતાના મામલે બ્રહ્માંડમાં નંબર વન (- માઈનસ નંબર વન છે!! ચેનલના માલિકનો પરિવાર બખડજંતર જોવાના બદલે નેશન વોન્ટસ ટુ ના બરાડા પાડતા અર્નબ ગોસ્વામીની ચેનલ જુએ છે!!) છે. ચેનલમાંથી હુકમ છૂટ્યો કે ઉતરપ્રદેશ જઇ આવો અને સ્ટૌરી શુટ કરી આવો. અમારી ચેનલમાં બોસને બાદ કરતાં હું અને રાજુ સ્ટાફમાં છીએ.

અમે લાંબી મુસાફરી કરી પ્રયાગરાજ જનપદના કોઇ બ્લોકમાં આવેલા ગોડાઉન પાસે ગાડી સ્ટોપ કરી. આજુબાજુ નજર કરી . ચાની કિટલી શોધી. ચાના કિટલી , ગામ ચાવડી, પાનના ગલ્લા, બગીચાના બાંકડા એ ઈન્ટેલિજન્સ ઇનપુટ મેળવવાના આધારભૂત સ્ત્રોત છે. જયારથી માહિતી મેળવવા સિક્રેટ ફંડની ગ્રાંટમાંથી ફદિયું ખર્ચ્યા સિવાય જોરદાર માહિતી મળે છે.! અમે આવી એક કિટલી પરના મુંઢા પર બેસીને સ્પેશિયલ જાય મલાઇ મારકે મંગાવી. અમને ખુફિયા માહિતી મળી કે બધા ગોડાઉનમાં એકત્રિત થયા છે. અમને માનો કે લોટરી લાગી !!

ગોડાઉનનો દરવાજો ખોલતાં હોરર ફિલ્મની જે કિચૂડ કિચૂડનો અવાજ આવ્યો. એક પરિન્દુ પર મારીને બહાર ઉડી ગયું. એની માને હૃદય ધબકારો ચૂકી ગયું . રાજુ રદી કેમેરા સાથે ગબડી પડ્યો. ડોલ્બી સાઉન્ડ જેમ હાઇ ડેફનેશન ફ્રિકવન્સીમાં સવાલ ફેંકાયો " કૌન હૈ?" સવાલ પણ તેની ઇકો અસર અનેક! ઝાંખું ઝાંખું અજવાળું હતું નળિયાંના કાણામાંથી સૂરજનું ચાંદરણું પડે તેનું લાગે!!

અમે જોઇને સ્તબ્ધ થઇ ગયા. કેટલી મોટી ઉઠકબેઠક. ગઇ કાલ સુધી ગગનને ચુમનાર આજે મિટીનેચુમી રહ્યા હતા. ગઈકાલ સુધી ગગન ગજાવનાર આજે કણસવા માટે પણ મોહતાજ હતા!!

લીલા માઇક, ભગવા માઇક, ભૂરા માઇક, માફિયા માઇક, સ્ટિરિયો માઇક, ડોલ્બી માઇક ભેદભાવ વિના હમ સાથ સાથ હૈની જેમ સાથે હતા.

મેં લીલા માઇક તરફ માઇક ધરીને પૂછયું,

" કેવું લાગે છે?"

શું કેવું લાગે ? ધૂળ અને ઢેફા-ઢેખાળા લાગે" તેણે ઉગ્રતાથી જવાબ આપ્યો.

"કંઇ તો કહો" અમે વિનંતી કરી.

" કોઈકના એચએમવી ( હિઝ માસ્ટર્સ વોઇસ)ના લીધે અમારી માઠી બેઠી!!" એણે ભગવા માઇક તરફ કૌશિક મુનિની જેમ કાતિલ નજરે જોયું.

"તું તો બોલતો જ નહીં" ભગવા માઇકે લાંબો હાથ કરીને કહ્યું, " તારા પાપે બધાને ઘરભેગા થવું પડ્યું.સવારનાં પાંચ વાગ્યે લોકોની મીઠી ઉંઘ બગાડતો હતો, રાત્રે વેળા ક્વેળા લોકોને ઉંઘવા ન દે. વૃધ્ધો, પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે. આગઝરતા ભાષણો કરે. લોક કયાં સુધી સહન કરે?તારા પર તો બુલડોઝર ચલાવવું પડશે!!તમે અહીંનું ખાઇને અહીં ખોદો છો!!"

અમે લીલા માઇકને કહ્યું,તમે બોલવા માટે મંજૂરી લીધી હતી? મંજૂરી કેટલા ડેસિબલની હતી?"

"નિયમ મુજબ પાંચ ડેસિબલ.પાંચ ડેસિબલી ચકલીની ચીંચી કે કોયલની કૂકૂ નો વધુ અવાજ હોય. અમારો અવાજ દબાવી દેવાની તમારી સિયાસી ચાલ છે. ભગવા માઇક શ્રાવણ માસમાં સવારના ચાર વાગ્યાથી પ્રદીપના ભજન દેખ તેરે સંસારકી હાલત કયાં હો ગઇ ભગવાન કે પીંજડેકે પંછી વગાડીને બધાની ઉંઘની વાટ લગાડો છો એનું શું? સવારે આરતીમાં ગણીને બે જણ હોય તો પણ માલિકને સંભળાય એટલા મોટા વોલ્યુમથી આરતી કરો છો? લગ્નમાં ડીજે વગાડો છો ત્યારે નોઇઝ પોલ્યુશનની ચિંતા કરો છો? અમારો અવાજ દાબી નહીં શકો !!!" લીલા માઇકે આગઝરતા અવાજે કહ્યું.

એવામાં ભૂરા માઇકે બરાડીન કહ્યું ," તમે બધા મનુવાદી માઇક છો. અમે હાઇ વોલ્યુમ રાખીએ છીએ છતાં અમારી તિતૂડી તમે સાંભળતા નથી. લીલા અને ભગવા માઇક અમારા તરફ સૂગ રાખે છે. અમારા યુવાનો લગ્નમાં વરઘોડો કાઢે તો તમે તેને ગધાડે બેસાડી ફેરવો છો. બંધારણ મુજબ હક્ક આપતા નથી. જય ભીમ!!" કહીને અલગ ખૂણામાં જઇ બેસી ગયો!!

એવામાં ફેરિયા વગાડે તેવા હેન્ડ માઇકે અમોલ પાલેકર જેવા અવાજે કહ્યું," અમે મધ્યમ વર્ગના છીએ. બેરોજગાર,ગરીબી, ભાવવધારા ચક્કરમાં શેરડીની જેમ પિલાઇએ છીએ . અમે કુપોષિત છીએ . અમે દુર્બળ છીએ. અમારો તો અવાજ નીકળતો નથી તો અમને કેમ ઉતારી લીધા? આ તો પાપડી સાથે ઈયળ બાફી નાંખી, સૂકા જોડે લીલું બળી ગયું. અમે સાયલન્ટ મોડ પર છીએ!! અમને રિસ્ટોર કરવા માંગો છો કે કેમ?"

માઇકની અવદશા જોઇને અમે કોઇના પણ માઇક ન બનવાનો નિર્ણય કર્યો!!

ભરત વૈષ્ણવ

-------------------------------

સળગે છે

શૈશવની સ્મૃતિઓ ગળે વળગે છે,
હદયમાં એ મીઠી યાદો સળગે છે.
રોજગારી માટે ગામ ખાલી થયા,
વૃધ્ધો એકલાઅટુલા રહી સળગે છે.
તળાવમાં ધુબાકા મારેલા એ તળાવ,
ફ્લેટ રૂપી ચુડેલ થઈ સૌને વળગે છે.
કોઈની વાડીમાંથી કાચી કેરી ચોરી,
એ સખી અજનબી થઈ અળગે છે.
બાવળના પડિયા ને થોરના ફીંડલા,
સ્વપ્ન સૃષ્ટમાં અશ્મિ થઈ સળગે છે.
ઘર મકાનમાં ફેરવાયું,રહેવું કેમ કરી?
ઊભા ભીંતડા ખંડેર બની વળગે છે,
એક પણ આદમી હોંકારો દે તો હાઉં,
પરિચિત અપરિચિત થઈ સળગે છે.
આજે અજનબી લાગે જયાં યુગો રહ્યા,
ત્યાં શ્વાસ ઘુંટાય,સ્મૃતિઓ સળગે છે.

ભરત વૈષ્ણવ

# ભાજપ ગેરબંધારણીય રીતે સંપત્તિને બરબાદ કરી રહી છે: અખિલેશ યાદવ

લખનૌ,તા.૨૮

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે સંપત્તિ જપ્ત કરવાની કાર્યવાહી પર ભાજપ પર પ્રહારો કર્યા છે. ભાજપ સરકાર સત્તાના જોરે પ્રજાની સેવા કરવાને બદલે ગેરબંધારણીય રીતે મિલકતો તોડી પાડી રહી હોવાનું કહેવાય છે. દિલ્હીની જેમ ઉત્તર પ્રદેશમાં પણ ગેરકાયદેસર કાર્યવાહી બંધ થવી જોઈએ. કહ્યું કે ભાજપ સરકાર અત્યાચારની ઉંચાઈઓ પાર કરી રહી છે. નોટિસ વિના મકાનો તોડી પાડવામાં આવી રહ્યા છે. લોકોને ખોટા કેસોમાં ફસાવી રહ્યા છે. ભાજપ સરકારે શિક્ષણ અને આરોગ્ય સેવાઓ છોડી દીધી છે.

આકરી ગરમીમાં વીજકાપના કારણે રાજ્યના લોકો પરેશાની ભોગવી રહ્યા છે. ભાજપના શાસનમાં સમાજમાં સંપને બદલે દુશ્મનાવટ વધી છે. સર્વત્ર અરાજકતા અને અવ્યવસ્થા છે. તેમણે કહ્યું કે બેરોજગારી, વધતી મોંઘવારી પર કોઈ ચર્ચા નથી. બંધારણીય સંસ્થાઓને નષ્ટ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

અખિલેશે દાવો કર્યો કે ભાજપ સરકારના માત્ર બે જ કામ છે. પહેલું પાયાના મુદ્દાઓ પરથી જનતાનું ધ્યાન હટાવવાનું અને બીજું નફરત અને અફવાઓના સહારે સમાજમાં ભાગલા પાડવા. તેમણે કહ્યું કે ભાજપ સરકારમાં સમાજનો દરેક વર્ગ ત્રસ્ત છે. ભાજપ સરકારે શિક્ષણ-આરોગ્ય સેવાઓ છોડી દીધી છે. આકરી ગરમીના કારણે વીજ પુરવઠો ખોરવાતા રાજ્યના લોકો પરેશાન થવા લાગ્યા છે.

સપાનું પ્રતિનિધિમંડળ ૧ મેના રોજ મુઝફ્ફરનગર જશે: સમાજવાદી પાર્ટીનું પ્રતિનિધિમંડળ ૧ મેના રોજ જિલ્લા મુઝફ્ફરનગર જશે. પાર્ટીના મુખ્ય પ્રવક્તા રાજેન્દ્ર ચૌધરીએ જણાવ્યું હતું કે પ્રતિનિધિમંડળ, વિપિન કશ્યપ અને કાલીરામ ઉર્ફે કલ્લુ કશ્યપની તાજેતરમાં મુઝફ્ફરનગર જિલ્લાના બરોડા પોલીસ સ્ટેશન બુઢાના ગામમાં છરી વડે હત્યા કરવામાં આવી હતી.જેની તપાસ અને પીડિત પરિવાર સાથે મુલાકાત કરીને સાંત્વના આપવામાં આવશે. પ્રતિનિધિમંડળમાં સપાના રાષ્ટ્રીય સચિવ રમેશ પ્રજાપતિ, પૂર્વ સાંસદ રાજપાલ સૈની, રાજ્ય સચિવ સુધાકર કશ્યપ, પૂર્વ ધારાસભ્ય યોગેશ વર્મા અને જિલ્લા અધ્યક્ષ પ્રમોદ ત્યાગી સામેલ છે.

# હિન્દી ક્યારેય આપણી રાષ્ટ્રભાષા ન હતી અને ક્યારેય રહેશે નહીં : સિદ્ધારમૈયા



બેંગ્લુરૂ,તા.૨૮

બોલિવૂડ એક્ટર અજય દેવગણ અને કન્નડ સ્ટાર કિચ્ચા સુદીપ વચ્ચે ચાલી રહેલા ભાષા વિવાદ પર કોંગ્રેસ નેતા અને કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને કોંગ્રેસ નેતા સિદ્ધારમૈયા પણ ટ્વિટર પર કૂદી પડ્યા છે. તેમણે કહ્યું કે હિન્દી ક્યારેય આપણી રાષ્ટ્રભાષા ન હતી અને ક્યારેય રહેશે નહીં. અજય દેવગણ અને કિચ્ચા સુદીપે હિન્દી ભાષાને લઈને એકબીજાને અનેક ટ્વિટ કર્યા પછી સિદ્ધારમૈયાની પ્રતિક્રિયા આવી.

વાસ્તવમાં, કોંગ્રેસ નેતા સિદ્ધારમૈયાએ અભિનેતા અજય દેવગનના ટ્વીટનો જવાબ આપતા લખ્યું કે, 'હિન્દી ક્યારેય આપણી રાષ્ટ્રભાષા નહોતી અને ક્યારેય રહેશે નહીં. આપણા દેશની ભાષાકીય વિવિધતાનું સન્માન કરવું એ દરેક ભારતીયની ફરજ છે. દરેક ભાષાનો પોતાનો સમૃદ્ધ ઈતિહાસ હોય છે, જેનો લોકોને ગર્વ હોય છે. મને કન્નડ હોવાનો ગર્વ છે.

હકીકતમાં, સમગ્ર વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે અભિનેતા કિચા સુદીપે કહ્યું કે હિન્દી હવે રાષ્ટ્રભાષા નથી. બોલિવૂડમાં હવે પેન ઈન્ડિયા ફિલ્મો બની રહી છે. તે તેલુગુ અને તમિલ ફિલ્મોની રીમેક કરી રહ્યો છે, પરંતુ તે પછી પણ તે સંઘર્ષ કરી રહ્યો છે. આ પછી અભિનેતા અજય દેવગણે કીચા સુદીપનો ઉલ્લેખ કરીને ટ્વીટ કર્યું હતું અને પોતાનો મુદ્દો આપ્યો હતો.

અજય દેવગણે લખ્યું કે તમારા મત મુજબ જો હિન્દી આપણી રાષ્ટ્રભાષા નથી તો તમે તમારી માતૃભાષાની ફિલ્મોને હિન્દીમાં ડબ કરીને શા માટે રિલીઝ કરો છો? હિન્દી આપણી માતૃભાષા અને રાષ્ટ્રભાષા હતી, છે અને રહેશે. જન ગણ મન. અજય દેવગનના આ ટ્વીટ પછી, કિચા સુદીપે સ્પષ્ટતા કરી કે સર, જે સંદર્ભમાં મેં તે વાત કહી હતી, મને લાગે છે કે મારી વાત એકદમ અલગ રીતે રજૂ કરવામાં આવી છે.

તેમણે એમ પણ લખ્યું છે કે કદાચ હું તમને મળીશ ત્યારે જ તમારી સામે મારી વાત વધુ સારી રીતે મૂકી શકીશ. મારો મતલબ કોઈની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો, કોઈ વિવાદને ઉશ્કેરવાનો કે પ્રોત્સાહન આપવાનો નહોતો. હું આવું કેમ કરીશ સાહેબ? આ પછી પણ બંનેએ એકબીજાને અનેક ટ્વિટ કર્યા અને આ મામલાને અહીં જ ખતમ કરવાની વાત કરી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



૮, પ્રવિણા કડકીયા

૧૦, ભાવના મિસ્ત્રી

૯. પ્રવિણા કથીરીયા

**NOG SS No : 0089**

**વિષય બિંદાસ**

**શીર્ષક ઐસી કી તૈસી**

**પ્રવિણા અવિનાશ**

**બિન એટલે વગર, દાસ જે કોઈના પણ ન હોય. મન માન્યું કરે, સત્ય વક્તા, કોઈની સાડાબારી ન રાખે.**

**પોતાના મનના માલિક. બિંદાસ હોવું એ ગુણ છે. પરિણામ સહન કરવાની શક્તિ ધરાવે છે, સત્ય કહેતાં અચકાતા નથી. જો છોકરી હોય તો તેને કોઈ છંછેડે નહી. જો છોકરો વર્તનમાં બિંદાસ હોય તો હાડકાં ખોખરા થઈ જાય.**

**બિંદાસ વ્યક્તિ ખોટું કરે નહી, ખોટું સહન કરે પણ નહી. મન મારીને જગતમાં જીવવાનું કોઈ કારણ ખરું? કોઈ આંગળી ચીંધે એવા કાર્ય બિંદાસ વ્યક્તિ કરી જ ન શકે!**

**સહુની આમન્યા જાળવી પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપે, જેમાં બાંધછોડને અવકાશ જ ન હોય . સ્થળ , સમય અને સંજોગ જોઈને આચરણ કરે. સમાજમાં ઇજ્જત અને સન્માન નો હકદાર બને.**

**શરમના માર્યા ચૂપ રહી અન્યાય સહન કરનારની વહારે થાય. સત્યના આગ્રહી બિંદાસ લોકો સઘળે ઠેકાણે આવકારય છે.**

**બાળપણનું ગમતું ગીત કહીશ, હસવાની રજા નથી.**

**"દુનિયાનો લાત મારો દુનિયા સલામ કરે ". આવી વ્યક્તિ કોઈને નડતી નથી પણ નબળા ને સહાય કરી હિંમત બંધાવે છે .**

---

**NOG SS No : 114**

**વિભાગ : ગદ્ય**

**શબ્દ : બિન્દાસ**

**શીર્ષકઃ પસ્તાવો**

**શબ્દ સંખ્યા-૧૬૦**

**રચના-**

**કોલેજમાં પ્રવેશતા જ પ્રાચીને ઉડવાની પાંખો મળી ગઈ.ગામથી દૂર એકલા શહેરમાં ભાડેથી રહેતી પ્રાચી આકાશ સાથે બાઈક પર દરિયાકાંઠે,બાગમાં,મોલમાં, મન પડે ત્યાં હાથ માં હાથ નાખી ફરવા લાગી.**

**કોલેજનું ત્રીજું વર્ષ પૂર્ણ થવાના આરે હતું. પ્રાચીએ આકાશને કહ્યું,"આકાશ હવે આપણે આપણા લગ્ન વિશે આપણા ઘરે વાત કરવી જોઇએ".**

**ત્યારે આકાશે "બિન્દાસ કહી"દીધું ,તું પાગલ છે, કોલેજમાં તો આવી રીતે બધાં ફરતા જ હોય, લગ્ન માટે કોઈ મારી ઈચ્છા તારી સાથે નથી.મને ભૂલીને તું આગળ વધ તને કોઈ સારો મુરતિયો મળી જશે.**

**ત્યારે પ્રાચીને ખૂબ પસ્તાવો થયો. પ્રાચી જેવી નાસમજ છોકરીઓનો ઘણાં છોકરાઓ બિન્દાસ લાભ લઇ તરછોડી દેતા હોય છે.અને છોકરીઓ મોંઘી ગિફ્ટ વસ્તુઓની લાલચમાં, આવા ચક્કરમાં પડતી હોય છે. ક્યારેક છોકરીઓ છોકરાઓએ આપેલી મોંઘી વસ્તુઓ અને પૈસાના અહેસાનમાં એવી રીતે દબાઈ જતી હોય છે, કે ક્યારેક છોકરીને પોતાની જિંદગી પણ ગુમાવવી પડે છે.**

**કથીરીયા પ્રવિણા "પવી".નવસારી.**

---

**NOG SS No: 0099**

**વિષયઃ બિન્દાસ**

**પ્રકારઃ પદ્ય**

**શીર્ષકઃ બનજે**

**શબ્દોઃ ૫૪**

**મનુષ્ય રૂપે તું ઈશ્વરનો દાસ બનજે,**
**કર્મ કરવામાં તું સદા બિન્દાસ બનજે.**
**કેટલાયે જીવો જન્મે છે અને મરે છે,**
**સન્માર્ગ ઝાલીને તું સહુથી ખાસ બનજે.**
**મૃત્યુ પછી નથી સંભારતું આ જગ કોઈને,**
**કર્તવ્ય નિભાવીને તું સઘળે સુવાસ બનજે.**
**અજ્ઞાનનાં તમસમાં ભટકીને કેમ જીવવું?**
**સમયની સાથે ચાલીને તું પ્રકાશ બનજે.**

**ભાવનાબેન મિસ્ત્રી "અભય", વલસાડ**

# અમેરિકા સ્થિત ડો. અશરફ ડબાવાલાની ગઝલ 'હોતું નથી'નો આસ્વાદ..

આગલું હોતું નથી કે પાછલું હોતું નથી.
ક્યાંય એકલતાનાં ઘરને બારણું હોતું નથી.
ન્યાય કરવાની કળા કે લીલા તું અજમાવ મા,
મસ્તીમાં છે મસ્ત એને ખાટવું હોતું નથી.
બાજી એક જીતી જવાનું રોજ હું ઠેલ્યા કરું,
ધારું તૉ જીતી જઉં પણ ધારવું હોતું નથી.
કોઈ મારી ખામીઓ સાથે ઘરોબો બાંધીને,
પોષતું હરદમ મને ને મારતું હોતું નથી.
રોજ શબ્દોનાં મરણ થાતાં રહે છે કાગળે,
એની વરસી કે તિથિ કે બારમું હોતું નથી.
ડો.અશરફ ડબાવાલા,અમેરિકા

હોવાની કળા-કારીગરી કરતા, ક્યાંય કશું ન હોવાની કે કશે ન હોવાની કળા પરીક્ષણ માગી લે છે..જે પરીક્ષણને વિદેશી ધરા પર ફક્ત અજમાવતા જ નહીં, પણ પાર ઉતરતા સહજ ગઝલસાધક ડો. અશરફ ડબાવાલા ક્યાંય આગળ કે પાછળ નહીં, પણ નિજ એકલતાની મધ્ય સમાધિમાં કેવાં રમમાણ છે? એનો ચીતાર ઉપરોક્ત ગઝલનો મત્લો સહજ ઉદગારે દે છે.

'આગલું હોતું નથી કે પાછલું હોતું નથી .
ક્યાંય એકલતાનાં ઘરને બારણું હોતું નથી.'

મૂળ અમરેલીના, પરંતુ વરસોથી શિકાગો ખાતે તબીબી સેવા કરતાં આ સર્જકને એમનાં જ મૂળ વતનમાંથી વરસો પૂર્વે પ્રગટ થતી ×મુદ્રાંકન× પત્રિકામાં એકદા પ્રસિધ્ધ મારી ગઝલનો આ જ મિજાજનો મત્લો ભેટ ધરું છું.

'એ ક્ષિતિજની પાર ત્યારે, કોઈ પણ હોતું નથી.
ઉઘડે છે દ્વાર ત્યારે, કોઈ પણ હોતું નથી.×
સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ×ગુરૂ×

મારા શેરના ન હોવાપણાંમાં અવકાશી દ્વાર ઊઘડે છે. જ્યારે અશરફ ભાઈ દ્વાર રહિત

લીલા આદરે છે..એથી જ એમની ઓલિયા સમી અલગારી મસ્ત લીલા વિશે બેફિકરાઈથી એ આ શેર કહે છે.

'ન્યાય કરવાની કળા કે લીલા તું અજમાવ મા,
મસ્તીમાં છે મસ્ત એને ખાટવું હોતું નથી.'

'તું' સંબોધન-ઉદગાર માલિકે-દો જહાંને
જ લાગુ પડે છે. જે ન્યાયનું ત્રાજવું ધરી
એની લીલાનો છાક કરે છે. એ વિશે આ
કવિ એમની વિરક્તિનો આદેશ સ્હેજ તીખા શબ્દમાં દે છે.. 'અજમાવ મા'

મા અર્થાત ના એ પણ સોરઠી ભાષાની જ દેન હોઈ કવિ બીજા મિસરાના કાફિયામાં

'ખાટવું' પ્રયુક્ત કરી, ગઝલને કૈંક નવ્ય ખટાવે છે..એ સંરચનાર્થે કવિ મૌલિકતાને

સુપરે ખાટી જાય છે '.મસ્તીમાં છે મસ્ત'
વિધાન પણ મસ્તીની પુનરોક્તિનો ચરમ
ઉલ્લાસ ઉજવે છે..આ જ તો કવિની ગઝલનો ઉલ્લાસોત્સવ છે.

કવિ એમનાં મનોવૈજ્ઞાનિક સ્તરે પણ ઠાવકાઈથી જ કામ લે છે. ગઝલને ઉપકારક અલંકરણમાં પુનરાવર્તન અર્થાત શ્લેષને રમાડવો પણ અજબનો ખેલ છે. જે બાબતે

આ કવિ પારંગત છે. જ્યાં ધારું અને ધારવું બે ક્રિયાપદોમાં નિહિત ધારણાઓની વાત

કવિ જીંદગીની હરપળ બાજીને ઠેલતા આમ કહે છે.

'બાજી એક જીતી જવાનું રોજ હું ઠેલ્યા કરું.
ધારું તો જીતી લઉં પણ ધારવું હોતું નથી.'

સાધારણતઃ હાથવેંતમાં જીતાતી બાજી વિશે એવું તો કોણ હોય કે જે પડતું મૂકે?

જ્યાં હારને ય જીતમાં ઠેરવવાની હોડ હરઘડી મચી હોય, ત્યારે આ કવિ સુનિશ્ચિત જીતની બાજી ખેલવા વિશેની ધારણા સુધ્ધાં ટાળી, શૂન્ય મનસ્ક અતિઈંદ્રિયતાનાં

મહાલયોમાં જ રાચે! એ અવસ્થાને શી રીતે મૂલવવી?

ચોથો શેર સર્વસ્વીકૃત હોવાનો જે અધ્યાત્મવાદનો આધુનિક યુગમાં અભાવ છે..એનાં ભણી જ અંગુલી નિર્દેશ કરી,

×ક્ષમા વિરસ્ય ભૂષણમ× ના મંત્રોચ્ચારની
ગુંજ ચોથા શેરમાં ઈંગિત રીતે રેલાવે છે.

'કોઈ મારી ખામીઓ સાથે ઘરોબો બાંધીને,
પોષતું હરદમ મને ને મારતું હોતું નથી.'

'ખામીઓ સાથે ઘરોબો'નો ચમત્કાર તો આ સર્જક જ કરાવી શકે. અહીં ગની દહીંવાલાની ગઝલનો ઘરોબો યાદ આવી જાય..

'ઘરોબો રાખવો છે ક્યાં કશી ખોટી મમત રાખીએ?'

અન્યની ખામી સાથે ય ઘરોબો રાખી, મસ્તીમાં મહાલવું શક્ય છે ખરું?

પાંચમો શેર પ્રતીકાત્મક તગઝ્ઝુલના રંગમાં

શબ્દનાં ય મરણને ધાર્મિક વિધિઓની ચુંગલમાંથી મુક્તિ અપાવી, મોક્ષગામી કરી દે છે.. આમ તો શબ્દ-કાગળની પારસ્પરિક ભાવસંગતિના શ્વાસોશ્વાસ વિશે ઘણું બધું ચીતરાયેલ છે જ. પરંતુ શબ્દનું કાગળનાં પ્રદેશે મરણ જવલ્લે જ જોવા જડે છે. વળી શબ્દના એ વ્યક્તિકરણમાં એનાં મરણ પશ્ચાત કોઈ પણ પ્રકારની અંધ ધાર્મિક પ્રક્રિયાનો નિષેધ આ કવિ અદભૂત રીતે સાધી, આજની ધાર્મિકતા પર આમ વક્રોક્તિ કરે છે.

'રોજ શબ્દોના મરણ થાતાં રહે છે કાગળે,
એની વરસી કે તિથિ કે બારમું હોતું નથી. '

કાગળ અર્થાત પોથીમાં ય મંત્રવત્ શબ્દ આપણાં જુઠ્ઠાણાંઓને કારણે રોજ કાળ પામે છે. એની વિધિની લાયકાત આપણી પાસે છે ખરી? એ ઋષિતાની સમજ તો

અશરફ ભાઈ જ અમેરિકામાં રહી કેળવી શક્યા છે..એમને સવંદન મારો ઉર્દૂ શેર અર્પણ કરું છું.

'તુમ્હારી રૂહ મેં ઝેલો અગર હો કુવ્વત તો,
રિષિ કે મંત્ર-સા કબકે ઉછલ ચુકા હું મૈં. '
સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ 'ગુરૂ.અમદાવાદ

## ઓટીપી આવ્યો?

'તમારે કદી ઓટીપીની રાહ જોવી પડી છે?' એ સવાલ 'ક્યા તુમને કભી કિસીસે પ્યાર કિયા?'—એ પ્રકારનો છે. વધુ ને વધુ ડિજિટલ બની રહેલી દુનિયામાં ઓટીપી સાથે પનારો પાડવો પડ્યો હોય એવા લોકોની સંખ્યા સતત વધી રહી છે. ઓટીપીનું રાજકારણ જેવું હોય છેઃ તમે રાજકારણમાં રસ લો કે ન લો, રાજકારણ તમારામાં રસ લે છે અને તમને અસર પણ કરે છે. એવી જ રીતે, જે લોકો ઓટીપીની, એટલે કે એક વાર આવતા (વન ટાઇમ) પાસવર્ડની માયામાં લપેટાયા નથી, એવા લોકોને પણ ઓટીપી વિશે ધરાર વાંચવું-સાંભળવું પડે છે.

સરકારના કોઈ પણ વિભાગને કશું કર્યા વગર કંઈક કર્યાનો સંતોષ લેવાની ઈચ્છા થાય ત્યારે તે જાહેર હિતમાં જાહેર ખબરો આપે છે. જેમ કે, 'ઉનાળાની ગરમીથી બચવા માટે ઘરની બહાર ન નીકળશો. છાંયડામાં રહેજો.' વગેરે. આ સલાહની સાથોસાથ 'જમવાનું કે પગાર અમે ઘરેબેઠાં પહોંચાડીશું'—એવું કહે તો કોઈને તેમની સલાહમાં રસ પણ પડે. બાકી, નકરી લુખ્ખી સલાહોનો કોણ લેવાલ હોય? પણ સવાલ લેવાલનો નથી, 'આપવાલ'નો છે. સરકારો અને જાહેર હિતમાં જાહેરખબરો આપનારા એટલી ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાએ બિરાજેલા હોય છે કે 'કોઈ તેરા ગીત સુને ના સુને, તુ અપના ગીત સુનાયેજા'—એવી પંક્તિની જેમ, કોઈ તેમની સલાહ ન સાંભળે તો પણ (કે પછી, એટલે જ) તે સલાહો આપ્યે જાય છે, ડિજિટલ યુગમાં આવી એક સલાહ છેઃ કોઈની સાથે તમારો ઓટીપી શૅર ન કરશો. હકારાત્મક દૃષ્ટિથી વિચારતાં ઓટીપી-વિષયક સરકારી સલાહના બે ફાયદા છેઃ જેમને ઓટીપી સાથે પનારો પડતો હોય તેમને ટકોર થાય છે અને જેને ઓટીપી સાથે પનારો પડે એવી કોઈ લેવડદેવડ જ થતી ન હોય, એવા લોકો અંતરથી હાશકારો અનુભવે છે. તેમને થાય છે, 'જોયું? આપણે આ બધું કરતા નથી, એનો કેટલો ફાયદો છે? છેતરાવાની ચિંતા જ નહીં.' ધર્મના નામે, રાષ્ટ્રવાદના નામે, પાંચ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રના નામે, વિશ્વગુરુ બનવાના નામે—એમ બધી બાબતમાં આખો વખત છેતરાતા રહેતા લોકોને કમ સે કમ એક ઠેકાણું એવું મળે છે, જ્યાં છેતરાવાનો ભય નથી. આ અહેસાસ તેમનામાં સુખનાં સ્પંદનો જગાડે છે. તેનાથી સરવાળે દેશનો હૅપીનેસ ઇન્ડેક્સ ઊંચો આવે છે. ઓટીપીનો હૅપીનેસ ઇન્ડેક્સ સાથેનો સંબંધ કોઈને વધુ પડતો કલ્પનાશીલ લાગી શકે, પણ વૉટ્સએપ પર આવતાં તોતિંગ જૂઠાણાં ગટગટાવી જનારા લોકો માટે એ તો કંઈ નથી.

ઓટીપીની જરૂર મુખ્યત્વે ડિજિટલ લેવડદેવડમાં પડે છે. ઑનલાઇન ચૂકવણીની બધી વિધિ પૂરી થઈ ગયા પછી, છેલ્લે એક ખાલી ખાનું બાકી રહી જાય છે. બસ, મોબાઇલના એસ.એમ.એસ.માં ઓટીપી આવે ને એ ઓટીપી ખાલી ખાનામાં ટાઇપ કરી દઈએ, એટલે મિશન સંપન્ન. સામાન્ય સંજોગોમાં ઓટીપી રાહ જોવડાવ્યા વિના તરત આવી જતો હોય છે. પણ ક્યારેક ન બનવાનું બને છે. તે વખતે લેવડદેવડ કરનારની ડિજિટલ બૅન્કિંગથી માંડીને ઈશ્વર સુધીની શ્રદ્ધાની કસોટી થઈ શકે છે.

દૂરદર્શનના જમાનામાં ઘર ઉપર એન્ટેના લગાડવું પડતું અને ટીવી પર ચોખ્ખું દૃશ્ય 'પકડવા' માટે એક જણે પર ચડીને હાથથી એન્ટેના ફેરવવું પડતું હતું. તેની દિશા થોડી ફેરવ્યા પછી 'આવ્યું?'ની પૂછપરછ શરૂ થતી. દૂરદર્શન નવું હતું ત્યારે મુંબઈ દૂરદર્શન પરથી આવતો ફિલ્મી ગીતોનો કાર્યક્રમ 'ચિત્રહાર' સરખો પકડવામાં જ ઘણી વાર કાર્યક્રમનો અડધો કલાકનો સમય વીતી જતો હતો. ઓટીપીમાં ક્યારેક એવું થાય છે. બધી વિધિ પૂરી થઈ હોય, બૅન્કની વિગતો ભરાઈ ગઈ હોય. બસ, ઓટીપી આવે એટલે કામ પૂરું થવાનું હોય. પણ કોણ જાણે કેમ, ઓટીપી આવતો જ નથી.

સલવાઈ પડેલો માણસ ઊંચોનીચો થવા માંડે. થોડી સેકન્ડ સુધી તો ફોનના મેસેજનું ફોલ્ડર જોયા કરે. પછી ફોલ્ડર બંધ કરીને ફરી ખોલે—કદાચ મેસેજ આવ્યો હોય ,પણ દેખાતો ન હોય. ત્યાં સુધીમાં 'આવ્યો?', 'આવ્યો?'ની પૃચ્છાનું દબાણ ઊભું થવા લાગ્યું હોય. પૃચ્છા જેમ વધે, તેમ માણસની ચીડ વધે. પછી જે મનમાં આવે તેને તે અડફેટે લેવાનું શરૂ કરે. સૌથી પહેલાં મોબાઇલની સર્વિસ પ્રોવાઇડર કંપનીઓ કેટલી ચોર છે અને રૂપિયા લઈને સર્વિસ નથી આપતી, તેનું ઉગ્ર વિવેચન ચાલે. પછી બૅન્કોનો વારો આવે અને 'બૅન્કોમાં કામ કરનારા સારી રીતે વાત કરતા હોત-સહકાર આપતા હોત, તો ડિજિટલ થવાની જરૂર જ ન પડત'—એવો અભિપ્રાય વ્યક્ત થાય. દરમિયાન, ઓટીપી ફરી મોકલવાનું બટન દબાવવાનું યાદ આવે. તે દબાવ્યા પછી ફરી પ્રતિક્ષા ચાલુ થાય. વચ્ચે તે પોતાનું ઇ-મેઇલ પણ જોઈ આવે કે ક્યાંક ત્યાં આવીને તો પડ્યો નથી. પણ 'ઓટીપી ક્યાં નથી ફોલ્ડરમાં', એ જોઈને તે રઘવાયો થાય. 'ત્યાંથી મેસેજ આવતા હશે, પણ ફોનમાં કંઈક ગરબડ લાગે છે,' એવું વિચારીને તે ફોન રીસ્ટાર્ટ કરી જુએ. છતાં મેળ ન પડે. છેવટે, થાકીહારીને તે 'ફરી ક્યારેક પ્રયત્ન કરીશું' એવું જાહેર કરીને રણમેદાન છોડી દે.

થોડા કલાક પછી તે ફરી આખી પ્રક્રિયા કરવા બેસે ત્યારે ફોનમાં બે-ત્રણ ઓટીપી આવીને પડેલા દેખાય, પણ સમય વીતી જવાને કારણે તે નકામા બની ચૂક્યા હોય. ત્યારે તેને બ્રહ્મજ્ઞાન થાય કે સમય સમય બલવાન, નહીં ઓટીપી બલવાન.

# હું કોંગ્રેસમાં છું જ, પક્ષ પાસે કામ માગું છું, કામ મળશે તો ૧૧૦ની સ્પીડે કામ કરીશ : હાર્દિક પટેલ

અમદાવાદ,તા.૨૮

કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલના પિતા સ્વ.ભરતભાઈ પટેલની પુણ્યતિથિ પ્રસંગે આવેલા સાધુ-સંતો અને કોંગ્રેસના આગેવાનોનાં સલાહ-સૂચન બાદ હાર્દિક પટેલે સ્પષ્ટતા કરી હતી કે હું કોંગ્રેસમાં છું જ, પક્ષ પાસે કામ માગું છું, કામ મળશે તો ૧૧૦ની સ્પીડે કામ કરીશ, મારે કોઇ વાત સાબિત કરવાની નથી.

હાર્દિક પટેલના ત્યાં આવેલા કોંગ્રેસના પ્રભારી રઘુ શર્મા અને નૌતમ સ્વામીએ આપેલાં નિવેદન અને સલાહ-સૂચનોનો ખુલાસો કરતાં હાર્દિક પટેલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે હું કોંગ્રેસનો કાર્યકારી પ્રમુખ છું, પક્ષ પાસે કામની માગણી કરું છું અને જો કામ મળશે તો હું વધુ સ્પીડથી કામ કરીશ, પક્ષમાં કોઈની સાથે વ્યક્તિગત કે વિચારનો વિરોધ હોઈ શકે, પરંતુ હું આ મામલે સાથે બેસીને વાત કરીશ. મારા પિતાના પુણ્યતિથિ પ્રસંગે આવેલા સૌનો આભાર માનું છું.

નૌતમસ્વામીએ હાર્દિક પટેલને હિન્દુત્વની વિચારધારાવાળા પક્ષમાં જોડાવવાની આપેલી સલાહ અંગે તેમણે ખુલાસો કરતાં જણાવ્યું કે નૌતમસ્વામીએ તેમની લાગણી વ્યક્ત કરી છે. મેં ભગવાન રામની અહીં સ્થાપના કરી છે. મારે કોઇ વાત સાબિત કરવાની નથી. હું રઘુવંશી છું, મારે કંઇ સાબિત કરવાનું રહેતું નથી. અમે હિન્દુ સંસ્કૃતિ સાથે જોડાયેલા છીએ.

ખોડલધામના પ્રમુખ નરેશ પટેલના રાજકીય પ્રવેશ અંગે હાર્દિક પટેલે જણાવ્યું હતું કે નરેશ પટેલે રાજકારણમાં આવવું જોઈએ. હું કાંગ્રેસમાં છું તો એવું અપેક્ષા રાખું કે તેઓ કોંગ્રેસમાં આવે અને તેમના જેવા અનેક લોકોએ આવવું જોઈએ. જ્યારે પ્રશાંત કિશોર અંગે તેમણે જણાવ્યું હતું કે પ્રશાંત કિશોર વિશે ઘણા સમયથી ચર્ચા ચાલે છે. તેઓ એક સ્ટ્રેટેજી મેકર્સ છે. તેઓ ચટણી બનાવે અને બગાડે છે. પાર્ટીના નેતાએ એ અંગે પાર્ટીના નેતાઓએ ટ્વીટ કર્યું છે. જો એ એમ માનતા હોય કે ઘીના ઠામમાં ઘી ઠરી ઠામ થયું હોય તો સારી વાત છે.

પોતાના પિતા અંગે વાત કરતાં હાર્દિકે જણાવ્યું હતું કે કોરોના મહામારીમાં એક વર્ષ પહેલાં મારા પિતાનું દેહાંત થયું. તેમના નિધન બાદ હિન્દુ સંસ્કૃતિ મુજબ ધાર્મિક વિધિ કરી હતી, પરંતુ સામાજિક રીત મુજબ આજે પુણ્યતિથિ કાર્યક્રમ કર્યો છે.

આ કાર્યક્રમમાં બધા જ લોકોને અને પાર્ટીના લોકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. મેં તો ક્યારે કહ્યું જ નથી કે ફલાણી પાર્ટીના લોકો આવશે. મારા અને મારા પિતાનાં લેણદેણ પૂર્ણ કરવા માટે આજનો કાર્યક્રમ કર્યો છે. નૌતમસ્વામી ખૂબ મોટા સ્વામી છે. હિન્દુ ધર્મના વડા છે, એટલે તેમણે પોતાની લાગણી વ્યક્ત કરી હશે. આજે રામધૂન અને અન્ય ધાર્મિક કાર્યક્રમ કર્યો એટલે હિન્દુ તરીકે જ વિધિ કરી છે.

CYMK



આપને ખૂબ જ નમ્રતા થી વિનંતી કરીએ છીએ કે ઉદયપુર ગુજરાતી સમાજ સેક્ટર 11 હિરણ મગરી ઉદયપુરમાં ગુજરાત સ્થાપના દિન નિમિત્તે **2 મે સોમવારે રાત્રે 8.30 કલાકે** ગુજરાતી સમાજ ના આંગણે ગુજરાત ના સુપ્રસિધ્ધ વિશ્વના પ્રખ્યાત કલાકાર શ્રી અશ્વિન ભાઈ જોષી મા-બાપને ભૂલશો નહીં, દિકરી વાહલનો દરિયો અને શ્રીનાથજીના ભજનો જેવા કાર્યક્રમો રજુ કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવા ઉદયપુર ગુજરાતી સમાજના સેક્રેટરી શ્રી દિનેશ ભાઈ પટેલ, વરિષ્ઠ ઉપાધ્યક્ષ શ્રી દિલીપભાઈ સોની, ઉપાધ્યક્ષ શ્રી ગીરીશ ભાઈ પટેલ, ઉપાધ્યક્ષ શ્રી નીતિન ભાઈ પટેલ, કોષાધ્યક્ષ શ્રી જયેશ ભાઈ જોષી, સહ સચિવ શ્રી અતુલ ભાઈ મકવાણા અને સમગ્ર કારોબારી સભ્યો, ટ્રસ્ટીઓ, મહિલા મંડળ ઉપસ્થિત રહેશે.

આ માહિતી ગુજરાતી સમાજના પ્રમુખ રાજેશ બી મહેતાએ આપી હતી.

## ‘ખ્રિસ્તી કોનવેન્ટ કે ધર્માંતરનાં કેંદ્રો ?’ આ વિષય પર ઓનલાઈન વિશેષ સંવાદ !

# ધર્માંતરના કેંદ્રો રહેલી કોનવેન્ટ શાળાઓની કેંદ્ર સરકારે તપાસણી કરવી ! - કર્નલ રાજેંદ્ર શુક્લા, સેવાનિવૃત્ત અધિકારી, ભારતીય સેના



કોનવેન્ટ શાળાઓમાંથી ખ્રિસ?તી પંથનું શિક્ષણ આપવું, વિવિધ માધ?યમો દ્વારા ધર્માંતર કરવું આ પહેલેથી જ ચાલી રહ્યું છે. સ્વતંત્રતા પૂર્વેના કાળથી કોનવેન્ટ શાળાઓમાં બરાબર શું શીખવવામાં આવે છે ?, દેશના બંધારણનું પાલન કરીને ત?યાં શિક્ષણ આપવામાં આવે છે ખરું , તેની તપાસણી આજ સુધી એકપણ સરકારે કરી નથી. કોનવેન્ટ શાળાઓનો આર્થિક સ્ત્રોત શું છે ? ઓછામાં ઓછું વર્તમાન કેંદ્ર સરકારે તોયે ધર્માંતરનાં કેંદ્રો રહેલી કોનવેન્ટ શાળાઓની તપાસણી કરવી જોઈએ, એવી માગણી ભારતીય સેનાના સેવાનિવૃત્ત અધિકારી કર્નલ રાજેંદ્ર શુક્લાએ કરી. હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત ‘ખ્રિસ્તી કોનવેન્ટ કે ધર્માંતરનાં કેંદ્રો ’ આ ઑનલાઈન વિશેષ સંવાદમાં તેઓ બોલી રહ્યા હતા. તેલંગણા ખાતેના ‘ખ્રિશ્ચન સ્ટડીઝ’નાં અધ?યયનકર્તી ઈસ્ટર ધનરાજે કહ્યું કે, ભારતમાં ઈસ્ટ ઈંડિયા કંપનીના કાળથી તે આજ સુધી ખ્રિસ?તી મિશનરીઓએ સ?થાપન કરેલી કોનવેન્ટ શાળાઓમાં હિંદુ વિદ્યાર્થીઓનું ધર્માંતર કરવું, આ એકજ લક્ષ્ય રહ્યું છે. હિંદુ વિદ્યાર્થીઓનું ધર્માંતર કરીને ખ્રિસ્તી લોકસંખ્યા વધારવી, હિંદુઓને અલ?પસંખ?યક બનાવવા, એવી કેરળ જેવી દેશની સ્થિતિ કરવાનો તેઓ પ્રયત્ન કરી રહ્યા છે. દિલ?લી ખાતેનાં લેખિકા ડૉ. રિંકૂ વઢેરાએ કહ્યું કે, ભારતના સ્વતંત્રતાપૂર્વ કાળથી ખ્રિસ્તી મિશનરીઓએ હિંદુ પરંપરા નષ્ટ કરવા માટે ભારતની શિક્ષણ વ્યવસ?થામાં જ પેસારો કર્યો. તેમનું જાળું સમગ્ર દેશમાં ફેલાયેલું છે અને આજે પણ ‘કોનવેન્ટનું શિક્ષણ ઉત્તમ છે’, એવું વાલીઓ માની લે છે; પણ પહેલાંની તુલનામાં હવે વાલીઓ જાગૃત થઈ રહ્યા છે અને આવી શાળાઓમાંની ભૂલભરેલી બાબતોનો વિરોધ પણ કરી રહ્યા છે. હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી. રમેશ શિંદેએ કહ્યું કે, કોનવેન્ટ શાળાઓમાંથી કેવળ બાયબલ શીખવવું જ નહીં, જ્યારે ‘ખ્રિસ્તી (જિસસ) કેંદ્રિત વાતાવરણ’ નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ બાબત ‘બાળ સંરક્ષણ કાયદા’ના વિરોધમાં છે. દેશની પ્રત્યેક શાળામાંનું શિક્ષણ બંધારણના મૂલ્યો અનુસાર થવું જોઈએ; પણ કોનવેન્ટ શાળાઓમાં આ રીતે થતું હોવાનું ક્યાંયે દેખાતું નથી.

બાયબલ શીખવીને બાળકોને ત્રાસ આપવામાં આવી રહ્યો છે. તેથી અમે તેનો વિરોધ કરી રહ્યા છીએ. તે માટે કોનવેન્ટ શાળાઓમાંના વિદ્યાર્થીઓના વાલીઓએ ફરિયાદ કરવા માટે આગેવાની કરવી, એવું આવાહન અમે કરી રહ્યા છીએ. વર્તમાનમાં અનેક કોનવેન્ટ શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં બહુસંખ્યક હિંદુ વિદ્યાર્થીઓ ભણતા હોવા છતાં પણ ‘અલ્પસંખ્યક દરજ્જા’ અંતર્ગત વિશેષ સુવિધાઓ લઈને આ શાળાઓ શા માટે ચલાવવામાં આવી રહી છે, એ પણ જોવું જોઈએ.



જભવન અને મંત્રી વિસ્તાર ની સામે આવેલ ‘ વિશ્વ વિખ્યાત અક્ષરધામ મંદિર ‘ ની સામે પેટિયું રળવા વાળા ની આખે રસ્તે રોડ ની એક સાઈડ કાચી પડદા વાળી ખાણી પીણી ની દુકાનો.અને કટલરી તેમજ ચીજ વસ્તુઓ ની દુકાનો કોણ જાણે કોણ હપ્તા રાજ માં ચાલતી હશે...અંધેરી નગરી અને ગાંડું રાજા જેવો ઘાટ જોવા મળે છે.રાજભવન ની પાછળ થોડા સમય પહેલા જ મીડિયા ના સ્ટિંગ ઓપરેશન માં નદી કિનારે દારૂ ગાળવાની મીની ફેક્ટરી પકડાઈ હતી..નદીકિનારે છેક ભાટ ગામ સુધી ના નદીના કોતરો માં દેશી દારૂ નો બે રોકટોક વેપાર ચાલે છે.પુરાવા મળી શકે નહિ તે રીતે રેતી ના ટ્રેક્ટર અને દેશી દારૂ ના વેપાર ના હપ્તા રાજ માં બધું છાનું છુપુ બંધ બારણે ચાલી રહ્યું છે..પાટનગર ની પ્રબુદ્ધ પ્રજા તેમજ અક્ષરધામ ના મુલાકાતીઓ ખુદ આવા દબાણ થી કંટાળી તંત્ર સામે આંખ આડા કાન કરી અમારા જેવા પત્રકાર આગળ બળાપો કાઢી રહ્યા છે..જોકે ગાંધીનગર ના મોટા ભાગના સેકટર ની ખુલી જગ્યા માં ઠેક ઠેકાણે દબાણો.ઝૂપડા,રેકડીઓ,ગાયો, ભેંસ માલધારીઓ ના વસવાટ જોવા મળે છે..સંધ્યા ટાણે તો અડધા રોડ સુધી ખાટલા ઢળેલા મોદી રાત સુધી આખા પરિવારો રસ્તામાં ખુલ્લામાં બેઠેલા જોવા મળે છે....વૈકલ્પિક વ્યવસ્થા ના અભાવે પેટિયું રળવા વાળા તેમજ શાકભાજી નો લારીઓ વાળા જ્યા જગ્યા મળે ત્યાં વેપાર કરવા મજબૂર થાય છે...જો પાટનગર માં જ આમ હપ્તા રાજ હોય તો આખા ગુજરાત ના નાના મોટા શહેરો માં શું દશા હશે....એક હિ આગ... જન ફરિયાદ...

(આપની પ્રજા હિત ની ફરિયાદો,ફોટા,વિડિયો અમોને ૯૮૨૪૬૫૩૦૭૩)વોટસ અપ ઉપર મોકલી શકો છો...

# સાપુતારાની એકલવ્ય મોડેલ સ્કૂલ સહિત ગર્લ્સ લિટરસી રેસિડેન્સિયલ સ્કૂલની મુલાકાત લેતા આદિજાતિ વિકાસ મંત્રીશ્રી



આહવા

ગિરિમથક સાપુતારાની મુલાકાતે પધારેલા રાજયના આદિજાતિ વિકાસ વિભાગના મંત્રી શ્રી તથા ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી નરેશભાઈ પટેલે, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત, એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ, તથા ગર્લ્સ લિટરસી રેસિડેન્સિયલ સ્કૂલની જાત મુલાકાત લીધી હતી.અ હ ી છાત્રાવાસમા રહેતા આદિવાસી સમાજના બાળકોને મળતી શિક્ષણ સહિત નિવાસ, ભોજન વ્યવસ્થા અને ગણવેશ, શિષ્યવૃતિ સહિત શૈક્ષણિક સંશાધનોની મળી રહેલી સેવાઓ બાબતે પૃચ્છા કરી, મંત્રી શ્રી નરેશભાઈ પટેલે વડીલતુલ્ય ભાવ સાથે, આદિવાસી સમાજના બાળકો, વિશેષ કરીને દીકરીઓને ખૂબ અભ્યાસ કરવાની પ્રેરણા પૂરી પાડી આશીર્વાદ પાઠવ્યા હતા. મંત્રીશ્રીની આ મુલાકાત દરમિયાન તેમની સાથે સાંસદશ્રી ડો.કે.સી.પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત, ધારાસભ્યશ્રી વિજયભાઈ પટેલ, સહિતના સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓએ ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડ્યુ હતુ. પ્રાયોજના વહીવટદાર શ્રી કે.જે.ભાગોરા તથા આદિજાતિ વિકાસ અધિકારી શ્રી આર.એ.કનુજા, અને જિલ્લા પુરવઠા અધિકારી કુ.પ્રિયંકા પટેલે ઉપસ્થિત રહી પૂરક વિગતો રજૂ કરી હતી. શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત બાદ અન્ન અને નાગરીક પુરવઠા વિભાગના મંત્રી શ્રી નરેશભાઈ પટેલે, શામગહાન સ્થિત સસ્તા અનાજની દુકાન, અને તેના રેશનકાર્ડ ધારક ગ્રાહકને મળી વિગતે પૃચ્છા કરી હતી. શામગહાન બાદ મંત્રીશ્રીનો કાફલો વઘઇ ખાતે પહોંચ્યો હતો. જ્યા તેમણે સરકારી અનાજના ગોડાઉનની મુલાકાત લઈ, જરૂરી પરામર્શ કર્યો હતો.

નરેન્દ્ર પવાર,ડાંગ

## ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરી દ્વારા

# ટુવ્હીલર અને એલ.એમ.વી. કારની સીરીઝની ઓનલાઈન ઓક્શન પ્રક્રિયા તા. ૧૫મી મેથી આરંભ

ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરીદ્વારા ટુવ્હીલરની નવી સિરીઝ GJ18D તથા એલ.એમ.વી. કારની સિરીઝ GJ18BR નું ઓક્શન શરૂ કરવામાં આવનાર છે. ઈ-ઓકશનની પ્રક્રિયા નું રજીસ્ટ્રેશન તા. ૧૫મી મે, ૨૦૨૨ના રોજ શરૂ થશે. તેમજ તા. ૧૭મી મે, ૨૦૨૨ ના રોજ રાત્રિના ૧૧.૫૯ કલાક સુધી રજિસ્ટ્રેશન કરાવી શકાશે, તેવું સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યું છે.

ગાંધીનગરના સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યું છે કે, રાજ્ય સરકાર દ્વારા પરિપત્રથી આપેલી સૂચનાનુસાર ગોલ્ડન નંબરો, સિલ્વર નંબરો, બેઝ એમાઉન્ટ રજિસ્ટ્રેશન ટેક્ષ, સી.એન.એ ફોર્મ વગેરેને મૂળભૂતરીતે યથાવત રાખી, વાહન ૪.૦ માં ઉપલબ્ધ નાગરિક કેન્દ્રિત સગવડને લક્ષમાં રાખી, સરકારશ્રી દ્વારાવાહનના નંબરોની હરાજી પારદર્શક, ઝડપી અને કાર્યક્ષમ બનાવવા ONLINE AUCTION થી કરવાનું નકકી કરવામાં આવ્યું છે.

ઓનલાઈન ઓકશનએ DYNAMIC AUCTION PROCESSES રહેશે. એટલે કે, અરજદારને વેબસાઈટપર હરાજી પ્રક્રિયા દરમ્યાન વખતો-વખત હરાજીની રકમનો ઉમેરો કરવાનો રહેશે. આ ઉમેરોરૂ.૧૦૦૦/-ના ગુણાંકમાં વધારવાનો રહેશે. હાલની ONE TIME BIDDING PROCESS જેમ એક જવખત ૈંહ્વઢ઼્ ઈંૌીજજકરી શકશે નહી. ઈ ઓક્શનની પ્રક્રિયાનું રજિસ્ટ્રેશન તા. ૧૫મી મે થી તા. ૧૭મી મે, ૨૦૨૨ના દરમ્યાન કરી શકાશે. ઈ- ઓક્શનની એકશન પ્રક્રિયા તા. ૧૮મી મે, ૨૦૨૨ ના રોજથી કરવામાં આવશે. તેમજ ઈ-ઓક્શનની એકશન પ્રક્રિયા તા. ૧૯મી મે, ૨૦૨૨ ના રોજ રાત્રિના ૧૧.૫૯ કલાકે પૂર્ણ થશે. ઓનલાઈન ઓકશનમાં ભાગ લેનાર અરજદારે મુખ્ય કામગીરી કરવાની રહેશે. આ માટે http://parivahan.goin/ parivahan પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવાનો રેહશે. વેબસાઈટ પર લોગીન કરીને વાહન ખરીદીના દિવસ-૭ની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનુંરહેશે. હરાજીની પ્રક્રિયામાં ભાગ લેનારે ચૂકવણું કરવું અને વાહન નંબર મેળવવો.આ માટેની વિગતવારસૂચનાઓ APPENDIX-A ઉપર આપવામાં આવી છે. અરજદારે હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના ૫(પાંચ) દિવસમાં નાણાં જમા કરાવવાના રહેશે. જો આનિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ રકમ (Base price) ને જપ્ત કરવામાં આવશે. ફરીવાર હરાજી કરાવવામાં આવશે. ઓનલાઈન ઓકશન દરમ્યાન અરજદારે આરબીઆઈ દ્વારા નક્કી કરેલ દરે ચાર્જચૂકવવાનો રહેશે. ટુ- વ્હીલર તથા ફોર- વ્હીલર માટે સિલ્વર નંબર તથા ગોલ્ડ નંબર માટે જરૂરી Base price ચૂકવવાની રહેશે.

હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલાં અરજદારને સફ્ળ ગણી બાકીના નાણાં-દિન-૫ (પાંચ)માં ભરપાઈકરવા માટે SMS કે ઈ-mail થી જાણ કરવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણાં પરતકરવાના રહેશે. એટલે કે, Nª Banking, credit/Debit card થી ચુકવણું કર્યું હશે તો તે જ Mode થીનાણાં અરજદારના ખાતામાં SBI- epay દ્વારા પરત કરવામાં આવશે, તેવું સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યું છે.

# નામદાર કોર્ટ તરફથી CRPC ની કલમ ૮૨ મુજબ કાર્યવાહી કરવા ફરમાન જારી કરવામાં આવ્યું

અમદાવાદ શહેરના ઝોન – ૫ ના નાયબ પોલીસ કમિશનરશ્રીની અખબારી યાદી અનુસાર અમદાવાદ સિટી સેશન્સ કોર્ટ નં- ૨૦ ખાતે સ્પે.કેસ (ટાડા) નં.૧૮૯/૧૯૯૧, બાપુનગર પોલીસ સ્ટેશન ફ.ગુના.ર.નં - ૪૩૩/૧૯૯૦ ના આરોપી ફકરૂદ્દીનખાન અયુબખાન પઠાણને, ૩૦-૦૪-૨૦૨૨ના રોજ હાજર રહેવા માટેનો આદેશ કરવામા આવ્યો છે.

ફરિયાદ અનુસાર આરોપી ફકરૂદ્દીનખાન અયુબખાન પઠાણ, રહે વાસી અનાસારનગર,ગૌરી સિનેમા સામે, ઓઢવ,અમદાવાદ શહેર વિરુધ્ધ કોર્ટમા કેસ ચાલવા ઉપર છે. જેની ઉપર બાપુનગર પોલીસ સ્ટેશન ફ.ગુના.ર.નં -૪૩૩/૧૯૯૦માં ઈપીકો કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૭,૩૩૬,૧૮૮ તથા બી.પી.એકટ કલમ-૧૩૫(૧) તથા ટાડા એકટ કલમ-૪,૫ હેઠળ સજાપાત્ર ગુનો નોંધાયેલ છે. અથવા એવો ગુનો કરેલો હોય તેવો શક છે. અને તેના પર કાઢવામાં આવેલ ગિરફતારીનુ વોરંટ એવા શેરા સહિત પાછું આવેલ છે કે આ આરોપી મળી આવતો નથી. અને આ કામનો આરોપી ઘણા સમયથી મુદતે નામદાર કોર્ટ સમક્ષ હાજર રહેતા નથી. અને નાસતા ફરે છે. ( અથવા તો સદર ગિરફતારી વોરંટની બજણી અટકાવવા માટે તેણે પોતાની જાતને છુપાવી દીધેલ છે.)

આથી નામદાર જજશ્રીએ આરોપી વિરુદ્ધ CRPC ની કલમ ૮૨ મુજબની કાર્યવાહી કરવા કોર્ટ નંબર.૨૦,સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ,ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૩૦/૦૪/૨૦૨૨ ના રોજ હાજર રહેવાનો હુકમ કર્યો છે.

## અમદાવાદ સ્થિત એલ.ડી એન્જિનિયરિંગ કોલેજના

# નવા હોસ્ટેલ બ્લોકનું લોકાર્પણ કરતા શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી.

## KAIZEN - 2022 શ્રેષ્ઠ અંતિમ વર્ષના પ્રોજેક્ટ માટે ઈનામ વિતરણ સમારંભ



શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે રાજય સરકાર દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઘડતર તથા કારકિર્દીમાટે નવી પોલિસીઓ અમલમાં મૂકાય છે ત્યારે વિદ્યાર્થીઓ તેનો પરિણામલક્ષી ઉપયોગ કરે અને અવનવા પ્રોજેક્ટની નિર્માણ કરે જેથી દેશની ગતિશીલતામાં વધારો થશે.

અમદાવાદ સ્થિત એલ.ડી.એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ ટેકનિકલ પ્રોજેક્ટના નિર્માણ કરવામાં આવ્યા છે તે વિદેશોમાં પહોંચ્યા છે તે આપણા સૌ માટે ગર્વની વાત છે એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, શિક્ષણ વિભાગ દ્વારા રૂપિયા ૩૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલી અને ૫૦૮ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતી આ હોસ્ટેલ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ લાભદાયી નીવડશે.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતાં તેમણે જણાવ્યું હતું કે હોસ્ટેલમાં રહેવાથી વિદ્યાર્થીઓ સમૂહજીવનના પાઠ શીખી શકે છે અને સામાજિક જીવનની ક્ષમતામાં વધારો થાય છે. પારિતોષિક પામેલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ આ જ રીતે અવનવા પ્રોજેક્ટોનું નિર્માણ કરતાં રહે અને દેશ વિદેશમાં તકનિકી ક્ષેત્રે ભારતનું નામ રોશન કરતા રહે તે સમયની માંગ છે.

આ કાર્યક્રમમાં રાજયના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોર, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી એસ.જે હૈદર, જીટીયુના વાઈસ ચાન્સેલર શ્રી નવીન શેઠ, ટેકનિકલ એજ્યુકેશનના ડાયરેક્ટર શ્રી જી. ટી પંડ્યા, SAC ઈસરોના ડિરેક્ટર શ્રી નિલેશ દેસાઈ અને મેઘમણી કેમિકલ્સના મેનેજિંગ ડિરેક્ટર શ્રી આશિષ સોપારકર ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છના જખૌમાંથી ઝડપાયેલા રૂ. ૨૮૦ કરોડના હેરોઇન કેસમાં દિલ્હીથી ચાર આરોપીની ધરપકડ

નવીદિલ્હી,તા.૨૮

કચ્છના જખૌની દરિયાઈ સીમામાંથી પકડાયેલ ૨૮૦ કરોડનું હેરોઈન કેસમાં દિલ્હી એનસીબી અને એટીએસ સંયુક્ત ઓપરેશનમાં દિલ્હીથી ચાર આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જેમાં મુઝફ્ફરનગરની એક ફેક્ટરીમાંથી ૩૫ કિલો ડ્રગ્સ મળી આવ્યું. જે મામલે દિલ્હી ક્રાઇમ એક ગુનો નોંધી બે આરોપીની ધરપકડ કરી છે.

ગુજરાત એટીએસની ગિરફતમાં રહેલ પાકિસ્તાનીઓ અલહજલ બોટમાં ૨૮૦ કરોડનું હેરોઈન જથ્થો લઈ આવ્યા હતા. જે હેરોઈનનો જથ્થો પાકિસ્તાની કરાચી ડ્રગ્સ માફિયા મુસ્તુફાએ મોકલ્યો હતો. જે દરિયાઈ સીમામાંથી ગુજરાતમાં ડ્રગ્સનો જથ્થો ઉતારી બાય રોડ દિલ્હી મોકલવાના હતા. હેરોઈનો જથ્થો દિલ્હીનો હૈદર રાજી રિસીવ કરવાનો હતો. જેથી ગુજરાત એટીએસ અને દિલ્હી એનસીબી સંયુક્ત ઓપરેશનથી હૈદર રાજીની મુઝફ્ફર નગરમાં આવેલી ફેક્ટરીમાં દરોડા પાડી ૩૫ કિલો ડ્રગ્સ પકડયું. જે બાદ ઈમરાન આમીર,અવતારસિંહ અને અબ્લુદ ખાલીકની ધરપકડ કરવામાં આવી છે. ફેકટરીમાં મળી આવેલ ડ્રગ્સ બાબતે દિલ્હી ક્રાઇમ ગુનો નોંધી બે આરોપી ધરપકડ કરી છે. ત્યારે અન્ય બે આરોપી ભુજ કોર્ટમાં હાજર કરી રિમાન્ડ મેળવ્યા છે.

હેરોઈન જથ્થો લઈ આવેલા ૯ પાકિસ્તાની બોટ લઈ ભાગવા જતા ફાયરિંગ કરવાની ફરજ પડી હતી. જેમાં એક આરોપીને ગોળીથી ઈજા થતાં સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.

# તા.૩૦ મીએ નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે કૃષિમેળાનું આયોજન

નવસારીઃ

આઝાદીકા અમૃત મહોત્સવ ઉજવણીના ભાગરૂપે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી અને આત્મા યોજના નવસારીના સંયુકત ઉપક્રમે તા.૩૦/૦૪/૨૦૨૨ ના રોજ કૃષિ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, પદાધિકારીઓ, અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં ખેડૂત ભાઈ-બહેનો ઉપસ્થિત રહેશે. તેમ નવસારી કૃષિ યુનિર્વસિટી દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## અમેરીકા-લોસ એન્જલસ ના નોર્વોક ખાતેના શ્રી રાધાકૃષ્ણ મંદિરમાં

# નડિયાદ શ્રી સંતરામ મંદિર ના સંત પૂ. શ્રી હરીદાસજી મહારાજ ના સાનિધ્ય શ્રી વિષ્ણુ સહત્ર સ્તવનના પાઠ સંપન થયા

જય મહારાજ સાથે જણાવવાનું કે પરમ પૂજ્ય શ્રી રામદાસજી મહારાજ ( મહંત, શ્રી સંતરામ મંદિર, નડિયાદ )ની આજ્ઞા અને આર્શીવાદ થી લોસ એન્જલસ કેલિફોર્નોયા ના નોર્વોક ખાતે ના શ્રી રાધાકૃષ્ણ મંદિરમાં શ્રી સંતરામ ભક્ત સમાજ આયોજીત સત્સંગ, વિષ્ણુ સહસ્ત્રનામ સમુહ સ્તવન સંત - પૂ. હરીદાસજી મહારાજ, સંતરામ મંદિર, નડીયાદ ના સાનિધ્ય માં તારીખ ૨૬ મી એપ્રીલ ના રોજ યોજાયો હતો...

આ માટે કેલિફોર્નિયાના બેકરફિલ્ડ થી શ્રી હરીદાસજી અને અન્ય ભક્તો ને લઈને સતસંગી શ્રી તુષાર પટેલ ૫-૩૦ વાગે રાધાકૃષ્ણ મંદિર પધાર્યા હતા અને બરાબર ૬-૦૦ વાગે વિષ્ણુ સહસ્ત્રનામ પાઠ નો આરંભ કરાવ્યો હતો..ત્યાર બાદ હનુંમાન ચાલિસા નો પાઠ કરવ્યો હતો જેનો હાજર સૌ એ ખૂબ શ્રધ્ધા પુર્વક ભાગ લીધો હતો.... ત્યાર બાદ મંદિરના શાસ્ત્રીજી શ્રી ભરતભાઈ રાજગોર મહારાજશ્રી નો ભાવપૂર્વક આભાર વ્યક્ત કરેલ અને નિત્ય નિયમ મુજબ આરતી કરવામાં આવી હતી... મંદિરના



અગ્રગણ્યશ્રી પ્રવિણભાઈ પટેલે મહારાજશ્રીનું સાલ ઓઢાડીને સન્માન કર્યું હતું.....ત્યાર બાદ સૌ મહાપ્રસાદી ગ્રહણ કરી વિખળાયા હતા... સૌને જયમહરાજ...

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.